પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૭૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૦-૦૩-૨૦૨૩ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## પંજાબમાં સ્થિતી તંગ, ખાલિસ્તાની સમર્થક અમૃતપાલ સિંહના સાથીઓની ધરપકડ, અનેક જગ્યાઓએ દેખાવો

જલંધર,

વારિસ પંજાબ ડેના વડા અમૃતપાલ સિંહને લઈને મોટા સમાચાર સામે આવ્યાં છે. ખાલિસ્તાન સમર્થક અમૃતપાલસિંહની પંજાબ પોલીસે ધરપકડ કરી હોવાના અહેવાલ હતા પરંતુ હવે તે ફરાર છે. આ પહેલા અમૃતપાલ સિંહના ૬ સાથીઓની હથિયારો સાથે ધરપકડ કરવામાં આવી હતી. અમૃતપાલસિંહના કાફલાનો પોલીસ પીછો કર્યો હતો, પરંતુ હજુ સુધી તે પોલીસના હાથમાં આવ્યો નથી. અમૃતપાલ સિંહ સામે ૩ કેસ નોંધાયા છે. જેમાંથી ૨ હેટ સ્પીચ સાથે સંબંધિત છે. ધરમકોટ નજીક મહિતપુર પોલીસ સ્ટેશનમાં તેની સામે કેસ દાખલ છે.

સમગ્ર પંજાબમાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. તમામ મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ, તમામ એસએમએસ સેવાઓ (બેક્કિંગ અને મોબાઈલ રિચાર્જ સિવાય) અને વોઈસ કોલ સિવાય મોબાઈલ નેટવર્ક પર પૂરી પાડવામાં આવતી સેવાઓ ૧૨:૦૦ કલાક સુધી સ્થગિત રહેશે. પંજાબ પોલીસે લોકોને રાજ્યમાં કાયદો, વ્યવસ્થા જાળવવા અને શાંતિ જાળવવાની અપીલ કરી છે.

કટ્ટરપંથી શીખ નેતા અને ખાલિસ્તાની સહાનુભૂતિ ધરાવતા અમૃતપાલ સિંહ છેલ્લા કેટલાક અઠવાડિયામાં પંજાબમાં એકદમ સક્રિય થઈ ગયો છે. કારણ કે ગયા મહિને અમૃતસરની બહારના વિસ્તારમાં આવેલા અજનાલા પોલીસ સ્ટેશનમાં તેના સમર્થકોએ એક સાથીને મુક્ત કરવાની માંગ સાથે પોલીસ સાથે અથડામણ કરી હતી. અમૃતપાલના છ સાથીઓની શનિવારે જલંધરમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

વારિસ પંજાબ દે પ્રમુખ અમૃતપાલની સામે હાલમાં પંજાબ પોલીસ એક્શનમાં છે. તેને ભાગેડુ પણ



જાહેર કરી દેવામાં આવ્યો છે. સમગ્ર પોલીસ પ્રશાસનને એલર્ટ મોડમાં રાખવામાં આવ્યું છે ત્યારે પંજાબ પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓએ લોકોને અપીલ કરી છે કે પાકિસ્તાનથી સોશિયલ મીડિયા પર મોકલવામાં આવી રહેલી ખોટી માહિતીઓ પર વિશ્વાસ ન કરવો. **Fake Id**થી પાકિસ્તાનમાં બેઠેલા ખાલિસ્તાની પંજાબનાં લોકોને ગેરમાર્ગે દોરવાનાં પ્રયાસો કરી રહ્યાં છે. રાજ્યમાં આ ઘટનાને ધ્યાનમાં લઈને ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. એટલું જ નહીં રાજ્યનાં મુક્સર સાહિબ અને ફાજિલ્કા જિલ્લાઓમાં કલમ ૧૪૪ લાગૂ પાડવામાં આવી છે. આદેશ જાહેર થયો તે અનુસાર હાલની સ્થિતિને ધ્યાનમાં લેતા કલમ ૧૪૪ લાગૂ પાડવામાં આવી છે અને પોલીસબળ તૈનાત કરવામાં

### સોશયલ મીડિયા પર ફેલાતી અફવાઓ પર વિશ્વાસ ન કરતાં : કેન્દ્રએ એલર્ટ જાહેર કર્યું, પંજાબમાં ઈન્ટરનેટ આવતીકાલ સુધી બંધ

આવ્યું છે. સૂચના અનુસાર ૩૧ માર્ચ સુધી આ કલમ લાગૂ રહેશે.

અમૃતપાલસિંહને શોધવામાં હાલમાં સમગ્ર પંજાબ પોલીસ લાગી ગઈ છે ત્યારે કથિત ધોરણે તેણે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને ધમકી આપ્યા હોવાનો આરોપ છે. એટલું જ નહીં વારિસ પંજાબ દે સંગઠનનાં પ્રમુખ અમૃતપાલસિંહનાં સમર્થકોએ ૨૩ ફેબ્રુઆરીનાં રોજ અજનાલા પોલીસ સ્ટેશન પર પણ હુમલો કર્યો હતો. અમૃતપાલ સિંહ ખાલિસ્તાની સમર્થક દીપ સિધ્ધૂનું સંઠગન 'વારિસ પંજાબ દે'નો વડો છે. વિકિપીડિયા અનુસાર શીખ ધર્મના પ્રસાર માટે અમૃત અભિયાન ચાલે છે. તેણે પોતાનો પ્રથમ અમૃત પ્રચાર અભિયાન રાજસ્થાનનાં શ્રીગંગાનગરમાં આયોજિત કર્યો હતો જેમાં આશરે ૬૪૭ લોકોએ અમૃતગ્રહણ કર્યું હતું. રિપોર્ટ અનુસાર અમૃતપાલે તો સરકારને પડકારતાં કહ્યુ હતું કે' હું સરકારને કહેવા ઈચ્છું છું કે જો તે મને પકડવા ઈચ્છે છે તો મને જગ્યા કહો. એક તરફ સરકાર કહે છે કે તે મને શોધી રહી છે અને બીજી તરફ તે જાણે છે કે હું ક્યાં હતો. પછી તે ખોટું શા માટે બોલી રહી છે કે તેમણે રેડ પાડી?'તેણે હાલમાં ગૃહમંત્રી અમિત શાહને ધમકી આપતાં કહ્યું કે 'અમિતશાહે કહ્યું હતું કે ખાલિસ્તાન આંદોલનને વધવા નહીં દઈએ. મેં કહ્યું હતું કે ઈન્દિરા ગાંધીએ પણ આવું જ કહ્યું હતું. જો તમે પણ આવું કરો છો તો તમને પણ પરિણામ ભોગવવું પડશે.'

પંજાબ પોલીસ અને કેન્દ્રીય સુરક્ષા દળોએ શનિવારે અમૃતસર પાસેના જલ્લાપુર ખેડા ગામને છાવણી બનાવી દીધી હતી અને તેના ઘરને ચારે બાજુથી ઘેરી લીધું હતું. અમૃતપાલના પડોશના લોકો તેમના ઘરની અગાસી પરથી પોલીસની ગતિવિધિઓ જોઈ રહ્યા હતા, પરંતુ જ્યારે તેમને પૂછવામાં આવ્યું તો તેમણે મોં ખોલ્યું નહીં. દરમિયાન, પંજાબ સરકારે રાજ્યમાં ૨૦ માર્ચ સુધી ઈન્ટરનેટ સેવા પર પ્રતિબંધ મૂક્યો છે.

અમૃતપાલ સિંહના પિતા તરસીમ સિંહે દાવો કર્યો કે પોલીસે તેમના ઘરની તપાસ કરી, પરંતુ કંઈ મળ્યું નહીં. તેણે કહ્યું કે પોલીસ તેના પુત્રની પાછળ કેમ પડી રહી છે, જે માત્ર શીખ ધર્મનો પ્રચાર કરે છે અને લોકોને ડ્રગ્સ છોડવા માટે પ્રેરિત કરે છે તે સમજની બહાર છે. તેણે કહ્યું કે પોલીસે "મારા પુત્રનો પીછો કરવાને બદલે માદક દ્રવ્યોના વ્યસનને સમાપ્ત કરવા પર તેમની શક્તિ કેન્દ્રિત કરવી જોઈએ".

અમૃતપાલ સિંહના પિતાએ કહ્યું કે તેમને ખબર નથી કે પોલીસ અહીં (તેમના ઘરે) કેમ આવી, જ્યારે અમૃતપાલ નિર્ધારિત કાર્યક્રમ મુજબ ધાર્મિક કાર્યક્રમ માટે જઈ રહ્યો હતો. તેણે કહ્યું, 'મને પાછળથી ખબર પડી કે પોલીસ તેનો પીછો કરી રહી છે. હું આ સિવાય બીજું કંઈ જાણતો નથી.

## G-20 એનર્જી વર્કિંગ ગૃપના ૧૨૦ જેટલા પ્રતિનિધિઓ આગામી ૩ અને ૪ એપ્રિલે મોઢેરા સૂર્યમંદિર અને સોલાર પાર્ક પ્રોજેક્ટની મુલાકાત કરશે

અમદાવાદ,

જી ૨૦ એનર્જી વર્કિંગ ગૃપના ૧૨૦ જેટલા પ્રતિનિધિઓ આગામી ૩ અને ૪ એપ્રિલે મોઢેરા સૂર્યમંદિર અને સોલાર પાર્ક પ્રોજેક્ટની મુલાકાત કરશે જી-૨૦ વસુધૈવ કુટુંબકમ. વન અર્થ વન ફેમિલી વન ફ્યુચર. આ આદર્શ સાથે જી-૨૦ની અધ્યક્ષતા હેઠળ ભારતમાં કુલ ૨૯ જગ્યા પર જી-૨૦ સમિટનું આયોજન કરવામાં આવ્યુ છે. ૧- ડિસેમ્બર ૨૦૨૨ થી ૩૦ -નવેમ્બર ૨૦૨૩ ભારત જી-૨૦ ની અધ્યક્ષતા કરી રહ્યુ છે. જી-૨૦ એટલે કે ગૃપ-૨૦. આ વખતે ભારતની અધ્યક્ષતામાં આ સમિટ આયોજિત થઈ રહી છે.જેમા ગુજરાતના કચ્છનું રણ, ગાંધીનગર, સુરત આ ત્રણ શહેરોમાં જી૨૦ ની બેઠક યોજાઈ છે. જ્યારે પંજાબમાં જોઈએ તો અમૃતસર, ચંદીગઢ, દિલ્હી, હરિયાણાના ગુરુગ્રામ, રાજસ્થાનના જોધપુર તેમજ ઉદયપુર, ઉત્તરપ્રદેશના લખનઉ તેમજ વારાણસીમાં જ્યારે મધ્યપ્રદેશના ખજુરાહો અને ઈન્દોરમાં બેઠક યોજાશે.

પશ્ચિમ બંગાળમાં જોઈએ તો સીલીગુડી ખાતે અસમમાં જોઈએ તો ગુવાહાટી ખાતે અને મેઘાલયમાં સિલોંગ ખાતે, પશ્ચિમ બંગાળના કોલકત્તામાં જ્યારે ઓરિસ્સાના ભુવનેશ્વરમાં, આંધ્ર પ્રદેશમાં વિશાખાપટનમ, તેલંગાણામાં હૈદરાબાદ, મહારાષ્ટ્રમાં પુણે, મુંબઈ અને ગોવામાં, કર્ણાટકમાં બેંગલોર, તમિલનાડુમાં ચેન્નાઈ અને મહાબલીપુરમ ખાતે તેમજ કેરળમાં કોચી અને કુમારકોમ ખાતે અને તિરુવનન્તપુરમ ખાતે આ બેઠક યોજાશે.

ભારતમાં તેમજ ગુજરાતના ત્રણ શહેરોમાં આ સમિટ ચાલી રહી છે .આગામી ૦૨ એપ્રિલથી ૦૪ એપ્રિલ દરમિયાન જી-૨૦ની બીજી એનર્જી વર્કીંગ ગૃપની બેઠક ગાંધીનગરમાં યોજાવાની છે. જે અંતર્ગત આ બેઠકમાં ઉપસ્થિત રહેનારા ૧૨૦ જેટલા પ્રતિનિધિઓ આગામી ૦૩ અથવા ૦૪ એપ્રિલે સુજાણપુરા તેમજ મોઢેરા સૂર્યમંદિરની મુલાકાત લેશે.

મોઢેરા સૂર્યમંદિર તેમજ સુજાણપુરા સોલર પ્લાન્ટની મુલાકાત અંગેનુ આયોજન જી.પી.સી.એલ, ટી.સી.જી.એલ, ઈન્ડેક-બી દ્વારા સંયુક્ત રીતે કરાયુ છે. ૦૩ અથવા ૦૪ અપ્રિલે સાંજે ૦૪-૩૦ કલાકે આ પ્રતિનિધિ મંડળ પ્રથમ સુજાણપુરા સોલર પ્લાન્ટ તેમજ ત્યાર બાદ મોઢેરા સૂર્યમંદિરની મુલાકાત લેશે. જેમાં મોઢેરા સૂર્યમંદિર ખાતે લાઈટ એન્ડ સાઉન્ડ શો અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જી-૨૦ ગૃપ એટલે કે જી-૨૦ આંતરરાષ્ટ્રીય આર્થિક સહયોગનું પ્રમુખ મંચ છે. જ્યાં દરેક પ્રમુખ આંતરરાષ્ટ્રીય આર્થિક મુદ્દાઓ પર વૈશ્વિક સંરચના અને નિયમ નિર્ધારિત કરવા તથા તે મજબૂત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવવાનું કામ કરે છે. ૧૯ દેશો જેમ કે આરજન્ટીના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ભારત, ઈન્ડોનેશિયા, ઈટલી,જાપાન, કોરિયા ગણરાજ્ય, મેક્સિકો, રશિયા, સાઉદી અરબ, દક્ષિણ આફ્રિકા ,યુનાઈટેડ કિંગડમ, અને સંયુકત રાજ્ય અમેરિકા, તેમજ યુરોપીય સંઘ સમ્મેલિત છે.

## ભારત પર તોળાતું ખાદ્ય સંકટ, ૨૦૫૦ સુધીમાં અડધી વસ્તી જોખમમાં, રિપોર્ટમાં દાવો

નવીદિલ્હી,

ગ્લોબલ વોર્મિંગને કારણે થતી આડ અસરોને કારણે ટૂંક સમયમાં જ વિશ્વના ઘણા દેશોને ફૂડ સપ્લાય ક્રાઈસીસની સમસ્યાનો સામનો કરવો પડી શકે છે. મીડિયામાં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ, વૈશ્વિક તાપમાન અને ખાદ્યપદાર્થોની સ્થિતિ અંગેના એક નવા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતને પાણી અને ગરમીના તણાવ (ભારતમાં ખાદ્ય સુરક્ષા)ને કારણે ૨૦૫૦માં ખાદ્ય પુરવઠામાં ૧૬%થી વધુની તંગીનો સામનો કરવો પડશે, જે ખોરાકની અસુરક્ષિત વસ્તીમાં ૫૦%થી વધુનો વધારો થઈ જશે. જો કે, અહેવાલમાં ચીનને ટોચ પર મુકવામાં આવ્યું છે, જ્યાં ખાદ્ય પુરવઠો ૨૨.૪% ઘટશે, ત્યારબાદ દક્ષિણ અમેરિકામાં ૧૯.૪%નો ઘટાડો થશે.

અહેવાલમાં જણાવાયું છે કે, ચીન અને આસિયાનના સભ્યો સહિત ઘણા એશિયન દેશો, જેઓ હાલમાં ચોખ્ખા ખાદ્ય નિકાસકારો છે, તેઓ ૨૦૫૦ સુધીમાં ચોખ્ખા ખાદ્ય



આયાતકારો બની જશે. પાણીના તાણનો અર્થ એ છે કે, સ્વચ્છ અથવા વાપરી શકાય તેવા પાણીની માંગ ઝડપથી વધી રહી છે, જ્યારે સ્રોતો સંકોચાઈ રહ્યા છે. ૨૦૧૯માં જળ સંકટનો સામનો કરવામાં ભારત વૈશ્વિક સ્તરે ૧૩મા ક્રમે છે.

ભારતમાં પાણી પુરવઠાની ઉપલબ્ધતા ૧૧૦૦-૧૧૯૭ બિલિયન ક્યુબિક મીટરની વચ્ચે છે. તેનાથી વિપરીત, માંગ ૨૦૧૦માં ૫૫૦-૭૧૦ **BCM** થી વધીને ૨૦૫૦માં આશરે ૯૦૦-૧,૪૦૦ બીસીએમ થવાની ધારણા છે. ગ્લોબલ કમિશન ઓન ધ ઈકોનોમિક્સ ઓફ વોટર દ્વારા પ્રકાશિત ૧ સમીક્ષા અને તારણોનો અહેવાલ સૂચવે છે કે, ભારતની નબળી જળ નીતિની રચના પાણીના તણાવને સંબોધવામાં મુખ્ય અવરોધ છે. તે ખેડૂતોને ભારતની ઉર્જા સબસિડીને લક્ષ્યાંક બનાવે છે, જે પાણીના વધુ પડતા ઉપયોગને પ્રોત્સાહિત કરે છે, જેના કારણે ભૂગર્ભમાં જળની અછત થતી જાય છે.

અહેવાલમાં પાણીની અછત ઘટાડવા વેપાર પર ભાર મૂકવામાં

### અહેવાલમાં ચીનને ટોચ પર મુકવામાં આવ્યું છે, જ્યાં ખાદ્ય પુરવઠો ૨૨.૪% ઘટશે

આવ્યો છે. તે પાણીની તંગીવાળા દેશોને સ્થાનિક રીતે ઉત્પાદન કરવાને બદલે પાણી-સઘન કૃષિ ઉત્પાદનોની આયાત કરવા કહે છે. આ કમિશન ૨૦૨૨માં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ ખાતે શરૂ કરવામાં આવ્યું હતું અને તે ૧૭ નિષ્ણાતો, સમુદાયના નેતાઓ અને વિશ્વના તમામ પ્રદેશોમાંથી વિજ્ઞાન, નીતિ અને ફ્રન્ટ-લાઈન પ્રેક્ટિસ કુશળતાની વિશાળ શ્રેણીના પ્રેક્ટિશનરોનું બનેલું છે. અહેવાલમાં ૨૦૫૦ માટે અનુમાન લગાવવામાં આવ્યું છે અને આ પરિસ્થિતિ ૨૦૧૪ થી ૨૦૫૦ના આધાર વર્ષ સુધી વૈશ્વિક સિંચાઈયુકત ખાદ્ય ઉત્પાદન અને ખાદ્ય સુરક્ષાને કેવી રીતે અસર કરશે.

## દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદનો કહેર, જગતના તાતની મહેનત પર ફેરવ્યુ પાણી

સુરત,

સુરતના ઉમરપાડા તાલુકામાં વરસાદને કારણે ખેતીને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. ઘઉં, મકાઈ, જુવાર અને શાકભાજી સહિતનો પાક નિષ્ફળ ગયો છે.ઉમરપાડાના ખોટા રામપુરા, કોલવણ, કદાવલી સહિતના ગામોમાં કમોસમી વરસાદે કહેર વરસાવ્યો છે. વરસાદને લઈ ખેતરોમાં પાણી ભરાતા પાકને ભારે નુકસાન થયું છે. હાથમાં કોળિયો લીધો હોય અને કોઈ છીનવી લે તો શું થાય આવી જ કંઈક સ્થિતિ માવઠાને કારણે દક્ષિણ ગુજરાતના ખેડૂતોની થઈ છે. માવઠાને કારણે ખેડૂતોને હાથમાં આવેલો કોળિયો છીનવાયો છે. સુરતના ઉમરપાડા તાલુકામાં વરસાદને કારણે ખેતીને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. ઘઉં, મકાઈ, જુવાર અને શાકભાજી સહિતનો પાક નિષ્ફળ ગયો છે.

ઉમરપાડાના ખોટા રામપુરા, કોલવણ, કદાવલી સહિતના ગામોમાં કમોસમી વરસાદે કહેર વરસાવ્યો છે. વરસાદને લઈ ખેતરોમાં પાણી ભરાતા પાકને ભારે નુકસાન થયું છે. હાલ ઘઉં અને મકાઈની સીઝન ચાલી રહી છે. જેથી ખેડૂતોએ ખેતરમાં તૈયાર પાકને કાપીને સુકવા માટે મુકેલો હતો. પરંતુ અચાનક આવેલા કમોસમી વરસાદે ખેડૂતોની આશા પર પાણી ફેરવ્યું છે. જેને કારણે ખેડૂતોને રાતા પાણીએ રડાવાનો વોર આવ્યો છે. ખેડૂતો સરકાર સર્વે કરાવી કંઈ રાહત આપે તેવી માગ કરી રહ્યાં છે.

પંચમહાલ જિલ્લામાં વરસેલા કમોસમી વરસાદને લઈને ખેડૂતોને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. એકતરફ કમોસમી વરસાદને લઈને ઘાસચારો નષ્ટ થયો છે. તો બીજી તરફ ઉનાળામાં પશુઓને ખવડાવવા માટે ઘાસચારો ક્યાંથી લાવવો તેની ચિંતા પશુપાલકોને સતાવી રહી છે. પંચમહાલ જિલ્લાના કુલ ૧.૧૭ લાખ હેકટર જેટલા વાવેતર લાયક વિસ્તાર પૈકી ૭૦ ટકા વિસ્તારમાં ધાન્ય પાકોનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેમાંનો મોટાભાગનો પાક માવઠાની બલી ચઢી ગયો છે. પાક તૈયાર હતો તેવા સમયે જ કમોસમી વરસાદ થતા ખેડૂતોની સાથે પશુપાલકોને પણ રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે. ત્યારે ખેડૂતો અને પશુપાલકો નુકસાનીના વળતરની માગ કરી રહ્યા છે.

## BBC ડોક્યુમેન્ટ્રી વિવાદ મામલે કડક કાર્યવાહી, ડીયુના ૨ વિદ્યાર્થીઓ પર એક વર્ષનો પ્રતિબંધ

નવીદિલ્હી,

દિલ્હી યુનિવર્સિટી કેમ્પસમાં બીબીસીની વિવાદિત ડોક્યુમેન્ટ્રી બતાવવા મામલે દિલ્હી યુનિવર્સિટી (ડીયુ) એ નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયાના રાષ્ટ્રીય સચિવ અને અન્ય એક વિદ્યાર્થી પર એક વર્ષનો પ્રતિબંધ મૂકી દીધો છે. માહિતી અનુસાર ડીયુ તંત્ર વતી બે વિદ્યાર્થીઓ પર પ્રતિબંધ મૂકાયો છે અને ૬ વિદ્યાર્થીઓને માફી માગવા કહેવાયું છે.

જોકે હજુ પણ આ મામલે તપાસ ચાલી રહી છે અને જલદી જ હજુ કેટલાક વિદ્યાર્થીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી શકે છે. જ્યારે જે બે વિદ્યાર્થીઓ પર એક વર્ષનો પ્રતિબંધ મૂકાયો છે તેમાં માનવશાસ્ત્ર વિભાગમાં પીએચડી રિસર્ચર લોકેશ ચુગ અને કાયદા વિભાગનો વિદ્યાર્થી રવીન્દ્ર સામેલ છે. આ બંને વિદ્યાર્થી યુનિવર્સિટી, કોલેજ કે વિભાગની કોઈ પરીક્ષા નહીં આપી શકે.

આ મામલે એનએસયુઆઈના રાષ્ટ્રીય સચિવ લોકેશ ચુગે કહ્યું કે મેં બીબીસીની વિવાદિત ડોક્યુમેન્ટ્રીની સ્ક્રીનિંગનું આયોજન નહોતું કર્યું. ફક્ત મીડિયામાં એનએસયુઆઈનો પક્ષ રજૂ કર્યો હતો. સ્ક્રીનિંગ કરનારાની પોલીસે ધરપકડ કરી લીધી હતી. એ લોકોમાં હું સામેલ નહોતો અને મને પોલીસ સ્ટેશને પણ લઈ જવાયો નહોતો તો પછી મારી સામે આ કાર્યવાહી કેમ કરાઈ છે? તેણે એવો પણ સવાલ કર્યો કે આ મામલો હાલ સુપ્રીમકોર્ટમાં લંબિત છે તો આ કાર્યવાહી કયા કાયદા હેઠળ કરાઈ છે? શું વિચાર અને અભિવ્યક્તિની આઝાદીનો ઉપયોગ કરવો કાયદા હેઠળ ગુનો છે?

## ભારતમાં એપ્રિલ-ફેબ્રુઆરીમાં વીજળીનો વપરાશ ૧૦ ટકા વધ્યો

નવીદિલ્હી,

ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ-ફેબ્રુઆરી દરમિયાન ભારતમાં વીજળીનો વપરાશ ૧૦ ટકા વધીને ૧૩૭૫.૫૭ અબજ યૂનિટ (બીયુ) થઈ ગયો છે. આ આંકડો નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના કુલ વીજળી સપ્લાયથી વધુ છે. સરકારી આંકડાઓ અનુસાર એપ્રિલ-ફેબ્રુઆરી ૨૦૨૧-૨૨માં વીજ વપરાશ ૧૨૪૫.૫૪ અબજ યૂનિટ હતો. આ રીતે સંપૂર્ણ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં વીજ વપરાશ ૧૩૭૪.૦૨ અબજ યૂનિટ હતો. નિષ્ણાતો કહે છે કે આવનારા મહિનાઓમાં ખાસ કરીને ઉનાળામાં પુષ્કળ માગને પગલે વીજ વપરાશ બે અંકોમાં વધવાની શક્યતા છે.

વીજ મંત્રાલયે ચાલુ વર્ષે એપ્રિલ દરમિયાન દેશમાં ૨૨૯ ગીગાવૉટની વીજ માગનો અંદાજ વ્યક્ત કર્યો છે જે એક વર્ષ પહેલા આ મહિને નોંધાયેલી ૨૧૫.૮૮ ગીગાવૉટથી વધારે છે. મંત્રાલયે વીજળીની વધારે માગને પૂરી કરવા માટે અનેક પગલાં ભર્યા છે અને રાજ્યના એકમોએ વીજકાપ કે લોડશેરિંગથી બચવા કહ્યું છે. મંત્રાલયે તમામ આયાત કરેલા કોલસા આધારિત પ્લાન્ટને ૧૬ માર્ચ ૨૦૨૩થી ૧૫ જૂન ૨૦૨૩ સુધી સંપૂર્ણ ક્ષમતા સાથે ચલાવવા પણ કહ્યું છે.

## બીજેપીના ઘેરવા અખિલેશનો માસ્ટર પ્લાન : બિનકોંગ્રેસ મોર્ચામાં કેસીઆર અને મમતાનો સાથ

લખનૌ,

લોકસભા ૨૦૨૪ની ચૂંટણીમાં ભાજપને માત આપવા મમતા બેનર્જીએ ત્રીજા મોર્ચાની જાહેરાત કરી છે. તેમના સપોર્ટમાં સમાજવાદી પાર્ટી અધ્યક્ષ અખિલેશ યાદવે દોસ્તીનો હાથ આગળ કરતા બિન-કોંગ્રેસી મોર્ચાને તેમનું સમર્થન હોવાનું કહેવાય છે.પરંતુ બાદમાં તેમને ગઠબંધનમાં તિરાડ પડી હતી. અખિલેશ કોંગ્રેસ અને રાહુલથી દૂર થઈ ગયા હતા. છતાં તેમણે કોંગ્રેસના પરંપરાગત બેઠક પર પોતાના ઉમેદવાર ઉતાર્યા નહોતા. જોકે આ વખતે અખિલેશે કોંગ્રેસ સાથે નહીં જતા મમતા સાથે બિન-કોંગ્રેસી મોર્ચામાં રસ દેખાડયો છે અને આગામી ચૂંટણીમાં કોંગ્રેસ સામે પણ ઉમેદવાર ઊભો



રાખવાની તૈયારી કરી છે. અંદરની વાત મુજબ છેલ્લા થોડા વર્ષોમાં મમતા અને અખિલેશ વચ્ચે દોસ્તી વધી છે. કોંગ્રેસના નેતૃત્વમાં વિરોધપક્ષમાં જવાને બદલે બિનકોંગ્રેસી ત્રીજો મોર્ચો રચીને કોંગ્રેસ કરતા પોતાનો હાથ ઉપર રાખવાની મમતા, અખિલેશ અને તેલંગણાના મુખ્ય પ્રધાન કે ચંદ્રશેખરની યોજના છે.

## હેવાને સંતાન પ્રાપ્તિની વિધિના બહાને મહિલાનો વિશ્વાસ જીત્યોને બાદમાં દુષ્કર્મ આચર્યુ

અમદાવાદ,

અમદાવાદ શહેરમાંથી ચેતવણીરૂપ કિસ્સોસામે આવ્યો છે. અમદાવાદમાં એક મહિલાને સંતાન પ્રાપ્તિની લાલચ આપીને ઢોંગી તાંત્રિકે કર્યું શરમનાક કૃત્ય. મળતા અહેવાલ પ્રમાણે સંતાન પ્રાપ્તિનિ વિધિ કરવાના બહાને મહિલાનો પહેલા વિશ્વાસ જીત્યો ત્યાર બાદ દુષ્કર્મ આચર્યું હતું. આરોપી મહિલાને દાહોદના ફતેપુરા લઈ ગયો હતો. જ્યાં મહિલા પર તાંત્રિક વિધિ કરી હતી અને મહિલાની મરજી વિરુદ્ધ તેની સાથે શારીરક સંબધ બાંધ્યો હતો. મહિલા સમગ્ર બનાવથી ગભરાઈ ગઈ હતી,અને તાત્કાલિક અમદાવાદ મહિલા પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ દાખલ કરાવી હતી. ફરીયાદને આધારે પોલીસે આરોપી દિલદારમીયાની ધરપકડ કર્યા બાદ મુખ્ય આરોપી તાંત્રિક મૂકેશ ગરાસીયાની પણ ધરપકડ કરી છે. આરોપીએ તાંત્રિક વિધિથી સંતાન પ્રાપ્તિ કરાવા બદલ રૂ. ૨ લાખની માંગણી કરી હતી. તેમજ આરોપીની પૂછપરછમાં પણ અનેક ચોંકાવનારા ખુલાસા થયા હતા.

## ૨૦ મી માર્ચ વિશ્વ ચકલી દિવસ



**૨૦ મી માર્ચ વિશ્વ ચકલી દિવસ નિમિત્તે સર્વે પર્યાવરણ પ્રેમીઓ, પ્રકૃતિ મંડળ દાહોદ તથા સ્ટાર ઈન્ડીયા વડોદરા ને પર્યાવરણ પ્રેમી ભગવતી પ્રસાદ સીકલીગરના અભિનંદન.**

**મો.નં.૬૩૫૨૯૯૧૩૯૦**

**જયંતિભાઈ મનસુખભાઈ ડબગર**

## જે લોકો લોકશાહીમાં વિશ્વાસ નથી કરતા, તેમના માટે લોકશાહીમાં કોઈ સ્થાન નથી.": જે પી નડ્ડા

ચેન્નાઈ,

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ રવિવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર લોકશાહીની તમામ મર્યાદાઓ પાર કરવાનો આરોપ મૂક્યો હતો. નડ્ડાએ ચેન્નાઈમાં ભારતીય જનતા યુવા મોરચાની 'રાષ્ટ્રીય યુવા સંસદ'નું ઉદ્ઘાટન કર્યા પછી વર્ચ્યુઅલ સંબોધનમાં કહ્યું, "જે લોકો લોકશાહીમાં વિશ્વાસ નથી કરતા, તેમના માટે લોકશાહીમાં કોઈ સ્થાન નથી."

રાહુલ પર યુએસ અને યુરોપિયન દેશો જેવી વિદેશી શક્તિઓને ભારતની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરવા માટે ઉશ્કેરણી કરવાનો આરોપ લગાવતા તેમણે કહ્યું કે કોંગ્રેસ આજે માનસિક



નાદારીથી પીડિત છે. બીજેપી અધ્યક્ષે કહ્યું, રાહુલ ગાંધીએ લોકશાહીની તમામ હદો વટાવી દીધી છે. તેમણે કહ્યું, તેઓ (રાહુલ ગાંધી) કેવા પ્રકારના નિવેદનો આપે છે. ભારતના લોકો તેમની વાત સાંભળતા નથી, તેઓ તેમને સહન કરે છે.

જેપી નડ્ડાએ કહ્યું, રાહુલ ગાંધીએ ભારતના લોકતાંત્રિક મૂલ્યો વિશે તેમની શરમજનક ટિપ્પણીઓ દ્વારા ન માત્ર દેશનું અપમાન કર્યું છે, પરંતુ અન્ય દેશોને પણ આપણા દેશમાં દખલ કરવાનું આમંત્રણ આપ્યું છે. જો કે કોંગ્રેસે ભાજપના આરોપને ફગાવી દીધો છે. રાહુલે યુકેમાં પોતાની ટિપ્પણી પર શાસક પક્ષના સભ્યોની ટીકાનો જવાબ આપવા માટે સંસદમાં બોલવાની પરવાનગી માંગી છે. કોંગ્રેસે દાવો કર્યો છે કે ભાજપ અદાણી જૂથ સાથે સંબંધિત મુદ્દા પરથી ધ્યાન હટાવવા માટે રાહુલ ગાંધીની ટિપ્પણીનો ખોટું અર્થઘટન કરી રહી છે.

આ પહેલા વિદેશ મંત્રી એસ જયશંકરે કેમ્બ્રિજમાં રાહુલ ગાંધીની ચીન પર કરેલી ટિપ્પણી પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે રાહુલ ગાંધીએ વિદેશની ધરતી પર જઈને ચીનના વખાણ કર્યા અને ભારતને નીચા બતાવવાનો પ્રયાસ કર્યો. કેમ્બ્રિજમાં રાહુલ ગાંધીની ચીન પરની ટિપ્પણીઓને રાજકીય રીતે પ્રેરિત ગણાવતા તેમણે કહ્યું કે એક ભારતીય તરીકે જ્યારે કોઈ ભારતને નકારતા ચીનના વખાણ કરે છે ત્યારે તેઓ અત્યંત દુઃખી થાય છે.

જયશંકરે કહ્યું, જ્યારે રાહુલ ગાંધી ચીન વિશે વાત કરી રહ્યા હતા, ત્યારે તમે જાણો છો, તેમના મગજમાં કયો એક શબ્દ આવ્યા`?- હાર્મની. ચીનના વખાણ કરતા તેઓ કહેતા હતા કે કેવી રીતે ચીન સૌથી મોટો ઉત્પાદક બની ગયો છે અને આ સત્ય પણ છે. પરંતુ જ્યારે ભારતમાં ઉત્પાદનની વાત આવે છે, ત્યારે તેઓએ તેને દરેક સંભવિત રીતે ઘટાડવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું કે મેક ઈન ઈન્ડિયા સફળ નથી થયું.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં મોડી રાત્રે કડાકા સાથે કમોસમી વરસાદ થતા ખેતીને નુકશાન

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં શુક્રવારે વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો હતો. આકાશમાં વાદળોની સાથે દિવસ દરમિયાન વાદળછાયુ વાતાવરણ છવાયેલું હતું. ત્યારે મોડી સાંજ બાદ એકાએક આકાશમાં કાળા વાદળો ઘેરાયા હતા અને મધ્યરાત્રીએ લુણાવાડા શહેર સહિત આસપાસના વિસ્તારોમાં ભારે પવન અને ગાજવીજ સાથે ધોધમાર કમોસમી વરસાદ વરસ્યો હતો. જેને લઈ ખેતીના પાકોને નુકશાન પહોંચ્યું છે. એક તરફ રવિ સીઝનના પાકો તૈયાર થઈ ચૂક્યા છે અને તેની કાપણી ચાલુ છે, તો બીજી બાજુ કેટલાક ખેતરોમાં તૈયાર થયેલો પાક ઉભો છે. તેવામાં આફત બની વરસેલા કમોસમી વરસાદે ખેડૂતની મહેનત ઉપર પાણી ફેરવ્યું છે. તો કેટલીક જગ્યાએ ઝાડ પડ્યા તો કેટલીક જગ્યાએ વીજ પોલ પડતા મકાનોને નુકશાન થયું છે. માર્ચ મહિનામાં સતત વાતાવરણમાં પલટો અને કમસમી વરસાદથી ખેડૂતને નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે ફરી એકવાર ગતરોજ વરસેલા કમોસમી વરસાદે ખેતીના પાકોને નુકશાન પહોંચાડ્યું છે. તો બીજી બાજુ પશુઓ માટેના ઘાસચારાને પણ નુકશાન પહોચ્યું છે.



રાજયમાં હવામાન વિભાગ દ્વારા કેટલાક વિસ્તારોમાં માર્ચ મહિના દરમિયાન માવઠાની આગાહી કરવામાં આવી હતી. જેને લઈ મહિસાગર જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. ત્યારે શુક્રવારે વહેલી સવારથી જ આકાશમાં વાદળો ઘેરાયા હતા અને દિવસ દરમિયાન વાદળછાયા વાતાવરણ વચ્ચે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. જેમાં કડાણા સંતરામપુર સહિતના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં દિવસ દરમિયાન છુટોછવાયો વરસાદ વરસ્યો હતો, તો મોડી સાંજે વીરપુર તાલુકામાં પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો અને કરા સાથે વરસાદ વરસતા રોડ રસ્તા ઉપર જાણે બરફની ચાદર ફેલાઈ હોય તે રીતના દ્રશ્યો વીરપુર તાલુકાના કોયડમ, ડેભારી, ચીખલી સહિતના ગ્રામ્ય વિસ્તારો માંથી સામે આવ્યા હતા. ત્યારે મધ્યરાત્રીએ ફરી એકવાર લુણાવાડા શહેર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તાર કાંઠા, સોનેલા, ચરેલ ચાવડીયા, વેલણવાડા સહિતના ગામો અને આસપાસના વિસ્તારમાં ભારે વાવાઝોડા સાથે ધોધમાર વરસાદ અને કરા પડ્યા હતા. જેથી ખેડૂતના તૈયાર થયેલા પાકને નુકશાન પહોંચ્યું છે, તો ખેડૂતો વરસાદમાં નુકશાન પહોંચેલા પાકને લઈ ચિંતિત જોવા મળ્યા છે. પોતાના તૈયાર કરેલા પાકનો યોગ્ય ભાવ મળે અને વરસાદમાં નુકશાન પહોચેલનો યોગ્ય સર્વે કરી નુકશાનીનું વળતર મળે તેવી ખેડૂતો માંગ કરી રહ્યા છે.

## મહિસાગર જીલ્લામાં ૧૯૯ દિવસ બાદ લુણાવાડામાં મહિલા કોરોના પોઝીટીવ આવતાં હોમ આઈસોલેટ કરાયા

લુણાવાડા,
મહિસાગર જીલ્લામાં ૧૯૯ દિવસ બાદ લુણાવાડામાં મહિલાનો કોરોના પોઝીટીવ રીપોર્ટ આવતાં મહિલાને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા.

મહિસાગર જીલ્લામાં ૧૯૯ દિવસ થી કોરોના કેસ નહિ આવતાં જીલ્લાવાસીઓ તેમજ આરોગ્ય વિભાગ રાહતનો શ્વાસ લીધો હતો. હાલ રાજયમાં કોરોનાના દર્દીઓ વધી રહ્યા છે. ત્યારે કોરોના માટે આરોગ્ય વિભાગ પણ સર્તક બન્યું છે. મહિસાગરના લુણાવાડાની ૨૯ વર્ષીય મહિલાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો. સરકારી કર્મચારી મહિલાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં આરોગ્ય વિભાગ દ્વારા મહિલાને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. જીલ્લામાં કોરોનાનો પ્રથમ પોઝીટીવ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે.

## બાલાસિનોરના મેઘાલય-જનોડ રોડ સાઈડના બાવળને કાપતા તર્કવિતર્ક

બાલાસિનોર,
બાલાસિનોરની મેઘલિયાથી જનોડ રોડ વચ્ચે કઢૈયા ગામ નજીક બાલાસિનોર વિસ્તરણ વન વિભાગની હદના બાવળના મોટા ઝાડ આવેલ છે. જે બાવળના ઝાડ કાપીને ખેતરોમાં નાંખેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. આ બાવળના ઝાડ કોણે કાપ્યા તે હજુ ખબર પડી નથી. પરંતુ ૧૫ દિવસથી કપાયેલ વૃક્ષ આજુબાજુના ખેતરમાં પડી રહેલા હોવાથી કઢૈયા સરપંચ તેમજ તલાટીને જાણ થતાં તેઓ દોડતા થયા હતા. પરંતુ હજુ સુધી બાવળના ઝાડ સ્થળ પર કપાયેલ હાલતમાં પડ્યા છે. જયારે આ ઝાડ કોણે કાપ્યા તે ખબર પડી ન હતી. ત્યારે આ બાવળના ઝાડ કાપી બાજુના ખેતરમાં નાંખી જતા ખેતીનુ નુકસાન થતુ હોવાનુ ખેડુત દ્વારા જાણવા મળ્યુ છે. ત્યારે આટલા દિવસથી બાવળના ઝાડ પડી રહ્યા હોવાથી ગ્રામજનોમાં તર્ક-વિતર્ક સર્જાયા હતા. જયારે આ કપાયેલા બાવળના ઝાડ અંગે વિસ્તરણ આર.એફ.ઓ. ખાંભલાને વારંવાર ફોન કરતા ફોન ઉપાડવાની તસ્દી ન લેતા તેઓની કામગીરી પર શંકા સેવાઈ રહી છે.

## સંતરામપુર તાલુકામાં માવઠાને લઈ ખેડુતોના ઉભા પાકોને નુકશાન

સંતરામપુર,
સંતરામપુર તાલુકામાં માવઠું થતાં મોટી સંખ્યામાં ખેડૂતોને રવિ પાકને નુકસાન માવઠો થવાનું આગાહીને લઈને ખેડૂતોએ રવિ પાકને કાપડી હાથ ધરી હતી. જેમાં ખાસ કરીને ઘઉં અને ચણા શિયાળોમાં રોકડીયો પાક ખેડૂતો માટે આશીર્વાદ સમાન હોય છે. કાપણી કરીને ખેડૂતો અનાજની ખેતરમાં સંતરામપુરજ મૂકેલું હતું અને અચાનક વાવાઝોડા સાથે માવઠો અને વરસાદ પડતા મોટા પ્રમાણમાં ખેડૂતોને અચાનક કુદરતી આફત આવી પડતા અનાજ બગડી ગયું હતું. ખેડૂતો અનાજને બચાવવા માટે અને મૂંગા પશુને ઘાસ ભેગું કરેલું ખેતરમાં મૂકેલું હતું. તાબડતો ખેડૂતોએ પ્લાસ્ટિક મારીને ઢાંકી દેવાની તરકીબ ઉભી કરેલી હતી, પરંતુ પકવેલું અનાજ વરસાદના કારણે બગડી જતા ઘર વપરાશ માટે અને માર્કેટમાં વેચાણ માટે તેના ભાવમાં પણ ઘટાડો થઈ જાય છે. માવઠું થવાના કારણે પકવેલા ઘઉંમાં સફેદ કણ બંધ થઈ જવાના કારણે મોટાભાગનો ભાવ કપાઈ જતો હોય છે. ખેડૂતોની બંને તરફથી નુકસાન ભોગવવું પડતું હોય છે. ખેડૂતને અનાજ પકવવા માટે વચ્ચે ખાતરની અસર સર્જાઈ હતી અને મોટાભાગનો ખાતર કાળા બજાર માંથી ઊંચા ભાવે ખરીદી કરતા હતા જ્યારે કુદરતી આફત આવતા પકવેલું અનાજ માવઠા ના કારણે ભાવ મળી શકતા નથી. આ વખતે ખેડૂતને મહેનત કરવી બધી પાણીમાં જ ગઈ આખરે ખેડૂતને રોવાનો વારો આવ્યો સંતરામપુર તાલુકાના ખેડૂતોની માંગણી નીચે રહ્યા છે કે સરકારી તરફથી ટેકાના ભાવમાં રવિ પાક નો ભાવ ઉંચો મળે તેવી આશા રાખીને બેઠા છે.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

## મહીસાગર જીલ્લા સંકલન સમિતિ ભાગ-૧ અને ૨ ની બેઠક જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને યોજાઇ

મહિસાગર,
મહિસાગર જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની ભાગ ૧ અને ૨ ની બેઠક જીલ્લા કલેક્ટર ભાવીન પંડ્યાના અધ્યક્ષસ્થાને જીલ્લા સેવા સદન કલેક્ટરની કચેરીના સભાખંડમાં યોજાઇ હતી.

આ બેઠકમાં કહ્યું હતું કે, કલેક્ટરએ જનસુખાકારીના વિકાસના કામોને અગ્રતા આપી નિયત અવધિમાં પૂર્ણ કરી લોકોની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ પરિપૂર્ણ કરવી એ આપણું કર્તવ્ય છે. આમ જનહિતને લગતા પ્રશ્નો ને સમયમર્યાદામાં પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં જીલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહી પોતાના વિભાગ દ્વારા અપાયેલા લક્ષ્યાંક અને સિદ્ધિ અંગે પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું, જેને કલેકટરએ નિહાળ્યું હતું. આ પ્રેઝનટેશનમાં વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગેની આંકડાકીય વિગતો રજુ કરવામાં આવી હતી. આ પ્રેઝન્ટેશન નિહાળ્યા બાદ તેઓએ બાકી કામોના લક્ષ્યાંકો ઝડપી અને સમયસર પૂર્ણ કરી પત્રકો નિયમિત મોકલી તેની ડેટા એન્ટ્રી કરાવી લેવા જણાવ્યું હતું. વધુમાં અરજદારની પડતર અરજીઓ, નાગરીક અધિકારપત્ર ની અરજીના નિકાલ, કચેરીની તપાસણી, બાકી સરકારી લેણાંની વસૂલાતની ઝુંબેશ, સરકારી કર્મચારીના બાકી પેન્શન કેશ વગેરે બાબતો અંગેની સમીક્ષા કરી સંબધિતોને જરૂરી સુચનો કર્યા હતા.




જીલ્લા સંકલન તેમજ ફરિયાદ સમિતિની બેઠકમાં પંચમહાલ સાંસદ રતનસિહ રાઠોડ તરફથી રજૂ થયેલાં પ્રશ્નોની સમીક્ષા કરતાં કલેકટર દ્વારા જનપ્રતિનિધિઓના પ્રશ્નો પરત્વે વિશેષ લક્ષ કેન્દ્રિત કરી, સમય મર્યાદામાં તે પ્રશ્નોનો નિકાલ લાવવા ઉપસ્થિત અધિકારીઓને તાકીદ કરી હતી.

આ બેઠકમાં જીલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, જીલ્લા વિકાસ અધિકારી કે.ડી. લાખાણી, જીલ્લા પોલીસ વડા આર.પી. બારોટ, અધિક નિવાસી કલેક્ટર સી વી લટા, ડીઆરડીએ ડાયરેકટર, પ્રાંત અધિકારીઓ, સહાયક માહિતી નિયામક શૈલેષકુમાર આર બલદાણીયા તથા જીલ્લાના વિવિધ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બાલાસિનોરમાં વિજિલન્સનો દરોડો, ૧૮૨૯૫ નો દારૂ ઝડપાયો




બાલાસીનોર,
મહિસાગરના બાલાસિનોર પોલીસ સ્ટેશનમાં સ્ટેટ વિસ્તારમાં વિજીલન્સ ટીમ દ્વારા રૂ. ૧૮,૨૯૫/- નો વિદેશી દારૂ ઝડપી પાડયો હતો. આ સમગ્ર બનાવ અંગે વિદેશી દારૂ વેચતા જીગરકુમાર ઉર્ફે સતિષ જીતેન્દ્રભાઈ ભોઈ રહે. ભોઈવાડા, જુના બસ સ્ટેશન, બાલાસિનોરની અટકાયત કરી છે. જ્યારે અન્ય પાંચ બુટલેગરને વોન્ટેડ જાહેર કર્યા હતા. જેમાં (૧) રાજેશ ઉર્ફે બોડો મહેરા રહે. ભોઈવાડા, જુના બસ સ્ટેશન, બાલાસિનોર, (૨) અજય રમણભાઈ મહેરા રહે.જુના ભોઈવાડા, જુના બસ સ્ટેશન બાલાસિનોર, (૩) વિશાલ બાબુભાઈ મહેરા.રહે જુના ભોઈવાડા, જુના બસ સ્ટેશન, બાલાસિનોર, (૪) જયદિપ ઠાકોર રહે.હાંડિયા, (૫) પાપાભાઈ રહે સેવાલિયા. સ્ટેટ વિજીલન્સ દરોડો પાડી કાર્યવાહી કરી છે.

ગાંધીનગર સ્ટેટ વિજિલન્સ બાલાસિનોરના સેવાલિયા રોડ પર આવેલ સીઆરસી ભવનની બાજુમાં ખુલ્લી જગ્યાએથી દરોડો પાડી વિદેશી દારૂ ઝડપી પાડયો હતો. પોલીસે બાતમી આધારિત સ્થળે દરોડો પાડતા એકને ઝડપી પાડયા હતા. તેમજ નાની મોટી વિદેશી દારૂની બોટલ અને બીયરના ટીન કુલ નંગ-૧૫૯. જેની કુલ કિંમત રૂ.૧૮,૨૯૫, રોકડ રૂપિયા રૂ.૪,૯૬૦ અને રૂ. ૫ હજારનો મોબાઈલ મળી કુલ રૂ.૨,૮૫૫ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## વિરપુરના માલપુરના કેમિકલ કાંડમાં પોલીસ કોન્સ્ટેબલ સસ્પેન્ડ

વિરપુર,
મહિસાગર અને અરવલ્લી જિલ્લાના છેવાડે આવેલ વિરપુર તાલુકાના ચીખલી જોજાના તળાવમાં કોઈ અજાણ્યા વાહન દ્વારા રાત્રિના સમયે ઝેરી કેમિકલ છોડવાની ઘટના અગાઉ ત્રણથી ચાર વખત બનતા ગ્રામજનો દ્વારા આ કૃત્ય કરનારને પકડી પોલીસને હવાલે કરવાનુ નક્કી થયેલ જે સંદર્ભે ટેન્કર આવતા ટેન્કરનુ ઝેરી કેમિકલને તળાવમાં છોડવાની શરૂઆત કરતા ગ્રામજનોએ ટેન્કરનો ઘેરાવ કર્યો હતો. ટેન્કર ચાલક સાથે આવેલ અન્ય વ્યકિત બંનેને ટેન્કર આગળ ઉભા રાખી લોકોના મોબાઈલમાં વીડિયો રેકોર્ડિંગ ચાલુ કરી પુછપરછ કરતા ટેન્કર સાથે આવેલ વ્યકિત માલપુર પોલીસમાં ફરજ નિભાવનાર ભુપેન્દ્રસિંહ ખાંટ હોવાનુ બહાર આવ્યુ હતુ. સોશિલય મીડિયામાં આ પોલીસ કર્મીના કૃત્યને વખોડી કાઢ્યુ હતુ. ફિટકારની નજરે જોવા લાગ્યા હતા. આખરે અરવલ્લીના પોલીસવડાએ તેને આવા લોકહિતની જગ્યાએ લોકોને હાનિ થાય અને ગેરકાયદે કાર્યમાં સહભાગી થવાનો વીડિયો મળતા કોન્સ્ટેબલને નોકરી પરથી સસ્પેન્ડ કરી પોલીસ પરનો લોકોને જ ભરોસો છે તે કાયમ રાખ્યો હતો. પોલીસના આવા નિર્ણયથી અરવલ્લી અને મહિસાગરના લોકોએ અરવલ્લીના પોલીસ વડાના આ કાર્યને બિરદાવ્યુ હતુ. આમ આ ઝેરી કેમિકલ તળાવમાં છોડી જમીન સાથે પાણીને લઈ પશુ-પક્ષીની સાથે માનવ જીવન સાથે ખીલવાડ કરનારને સજા થાય તેવી માંગ કરાઈ છે.

## કડાણા તાલુકા મામલતદાર કચેરીના કર્મચારીના આપઘાતમાં અધિકારીઓના ત્રાસના આક્ષેપ

દિવડાકોલોની,
કડાણા તાલુકા મામલતદાર કચેરીમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા અલ્પેશ માળીનો મૃતદેહ તા.૨૯ જાન્યુ.૨૦૨૩ના રોજ બાલાસિનોર ખાતે તેમના ભાડાના મકાનમાંથી મળ્યો હતો. બાલાસિનોર પોલીસે જણાવ્યુ હતુ કે, અલ્પેશ માળીનો મૃતદેહ જયારે મળ્યો ત્યારે તેમના ઘરનો દરવાજો અંદરથી બંધ હતો જયારે મોતનુ કારણ હજુ અકબંધ છે.

મહિસાગર જિલ્લાના બાલાસિનોર ખાતે તા.૨૯ જાન્યુ.એ બંધ મકાનમાંથી મળેલ મૃતદેહની ઘટનામાં ઉપલા અધિકારીના ત્રાસનો આક્ષેપ થઈ રહ્યો છે. જિલ્લાના કડાણા મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા અલ્પેશકુમાર માળીએ આપઘાતના એક અઠવાડિયા પહેલા તા.૨૧ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ રાજયના મુખ્યમંત્રીએ કરેલ અરજીમાં લખ્યુ હતુ કે, તેઓ કડાણા મામલતદાર કચેરીમાં કલાર્ક તરીકે ફરજ બજાવે છે. અને વતન અમદાવાદ છે. પરિવારમાં માત્ર વૃદ્ધ માતા-પિતા છે ત્યારે મૃતક અલ્કેશ માળીએ અરજીમાં આક્ષેપ કરતા જણાવ્યુ છે કે તેમના ઉપલા ઉચ્ચ અધિકારીઓ તેમની સાથે ગેરવર્તન કરે છે. તેમના કરીયર બગાડવાની ધમકી આપી છે. અને તેમને અવાર નવાર કારણ વગર નોટિસો આપી ત્રાસ આપવામાં આવે છે. મૃતકે એવુ પણ જણાવ્યુ હતુ કે, તેમને કચેરીમાંથી અન્ય કર્મચારીઓની જેમ સમયસર પગાર પણ આપવામાં આવતો ન હતો. અને અન્ય કર્મચારીઓને પણ આ પ્રકારનો ત્રાસ આપવામાં આવે છે. મૃતકે જણાવ્યુ છે કે, સંતરામપુર પ્રાંત કચેરીના ઉચ્ચ અધિકારી અને ઓપરેટર મારી પાસે તેમના અંગત કામો કરાવે છે. અને જો ન કરીએ તો કરીયર પણ પુરૂ કરી દેવાની ધમકીઓ આપવામાં આવે છે. અવાર નવાર આ અધિકારીઓની ધમકીઓથી હું પરેશાન થઈ ગયો છુ મેં મારી બદલી માટે કલેકટરને પણ મળ્યો હતો. અને રજુઆત કરી હતી. મૃતકે લખ્યુ હતુ કે, આ અધિકારીઓના ત્રાસથી હું ત્રાસી ગયો છે. હું કોઈ પગલુ ભરીશ તો સઘળી જવાબદારી મને હેરાન કરનાર અધિકારીની હશે.મને ન્યાય આપવા વિનંતી. ત્યારે તા.૨૪ ફેબ્રુઆરીએ સીએમ કચેરીથી આ બાબતના પત્રમાં અરજદાર આવુ પગલુ ન ભરે તેમજ આ બાબતે ઘટતી કાર્યવાહી કરવા પોલીસ મહાનિદેશક મુખ્ય પોલીસ અધિકારી, કલેકટર મહિસાગર, પોલીસ અધિકારી(મહિસાગર)ને આપઘાતના એક મહિના બાદ જાણ કરાઈ હતી. તપાસ માટે પત્ર આવ્યો છતાં પણ ઉચ્ચ અધિકારી સામે ભીનુ સંકેલવાના ઈરાદે હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી.

## એરપોર્ટ પર ૨૮ લાખનું સોનું ઝડપાયું, કસ્ટમ વિભાગે મુસાફરની કરી અટકાયત

અમદાવાદ,
ગુજરાત જ નહીં પરંતુ દેશભરના ગોલ્ડ સ્મગલરો માટે હોટ ફેવરિટ એવા સુરત એરપોર્ટ પરથી ફરી એકવાર સોનાની દાણચોરી થતી પકડાઈ છે. શારજાહ - સુરતની ફ્લાઈટમાં આવતા એક શખ્સ પાસેથી સોનું ઝડપાયું છે. કસ્ટમ વિભાગને એક શખ્સ પર શંકા જતા તેને તપાસ કરવામાં આવી હતી. ત્યારે તેના પાસેથી દાણચોરીનું ૨૮ લાખનું સોનું ઝડપાયું હતું. માત્ર સુરત કે ગુજરાત જ નહીં પરંતુ દેશભરના ગોલ્ડ સ્મગલરો માટે હોટ ફેવરિટ એવા સુરત એરપોર્ટ પરથી ફરી એકવાર સોનાની દાણચોરી પકડાઈ છે. શારજાહ-સુરતની ફ્લાઈટમાં આવતા એક શખ્સ પાસેથી સોનું ઝડપાયું છે. કસ્ટમ વિભાગને એક શખ્સ પર શંકા જતા તેને તપાસ કરવામાં આવી હતી. ત્યારે તેના પાસેથી દાણચોરીનું ૨૮ લાખનું સોનું ઝડપાયું હતું. આરોપીએ સોનાંની ત્રણ કેપ્સુલ બનાવી ગુદામાર્ગમાં છુપાવી લાવવામાં આવી હતી. કસ્ટમ વિભાગે મુસાફરની અટકાયત કરીને વધુ તપાસ હાથ ધરી છે. થોડા દિવસો અગાઉ સુરત એરપોર્ટને જ્યારથી ઈન્ટરનેશનલ એરપોર્ટનો દરજ્જો મળ્યો છે. ત્યારથી વિદેશથી આવતી ફ્લાઈટમાં દાણચોરીની ઘટનાઓ બનતી હોવાનું સામે આવી રહ્યુ છે. ત્યારે સુરત એરપોર્ટ પર વધુ એક આવી ઘટના સામે આવી છે. સુરત એરપોર્ટ પરથી ૬૭ લાખના ૧૦ સોનાના બિસ્કિટ બિનવારસી હાલતમાંથી મળી આવ્યા હતા. સુરત એરપોર્ટ પર લગેજ ટ્રોલીમાંથી આ સોનાના બિસ્કિટ મળી આવ્યા હતા. પકડાઈ જવાના ડરથી મુસાફર બિસ્કિટ મુકીને ફરાર થયા હોવાની પોલીસને આશંકા હતા. કસ્ટમ વિભાગે સોનાના બિસ્કીટનો કબજો લઈ તપાસ હાથ ધરી હતી. અમદાવાદ એરપોર્ટ પર બાથરુમમાંથી ૧૧૬ ગ્રામ સોનું પકડાયુ હતું. અમદાવાદ એરપોર્ટ પર વારંવાર સોનું પકડાવાની ઘટના સામે આવી હતી. થોડા દિવસ પહેલા પણ એરપોર્ટના ટોઈલેટમાંથી ૮૦૦ ગ્રામ સોનું મળી આવ્યુ હતુ. ત્યારે ફરી એકવાર એરપોર્ટના બાથરૂમમાંથી સોનાના ૬ બિસ્કિટ મળી આવતા હડકંપ મચી ગઈ હતી. અમદાવાદ એરપોર્ટ સોનાની દાણચોરીનું હબ બની રહ્યું છે. અમદાવાદ એરપોર્ટના બાથરૂમમાંથી ૧૧૬ ગ્રામના સોનાના ૬ બિસ્કિટ મળી આવ્યા. જેની માર્કેટ કિંમત આશરે ૩૯ લાખ રૂપિયા હતી.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ ખુશીથી ભરપૂર રહેશે. ઓફિસમાં તમારા સાથીઓ થોડા હળવા મૂડમાં રહેશે અને કામ કરવાની ઈચ્છા પણ દર્શાવશે. તમને સર્જનાત્મક કાર્ય કરવાની તક પણ મળશે.

વૃષભ : આજે કાર્યક્ષેત્રમાં તમારો પ્રભાવ અને મહત્વ વધી શકે છે. આજે તમે કોઈ સામાજિક સંગઠનમાં ઉચ્ચ પદ પર જઈ શકો છો, જે તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે. ધંધામાં આકસ્મિક લાભ થવાની સંભાવના છે.

મિથુન : આજે નોકરી કરનારા લોકો અથવા ધંધાકીય લોકોને સરકાર દ્વારા કોઈ સન્માન અથવા ઈનામ મળી શકે છે. આજે તમારા દ્વારા કરવામાં આવેલ કાર્યોની સમાજમાં પ્રશંસા થશે.

કર્ક : ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જેનાથી તમે મુશ્કેલી અનુભવો છો. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો, પરંતુ સાથીદારોનો ટેકો મુશ્કેલ બનશે. આકસ્મિક રીતે લાભની ડીલ મેળવીને પૈસાની આવક થશે.

સિંહ : આજે તમે તમારા પરિવારના સભ્યો સાથે ચર્ચા કરી શકો છો. તમારે ધીરજ રાખવી જોઈએ. આજે દુશ્મન તમારા પર હાવી થઈ શકે છે. આ માટે તમારે સાવધાન રહેવાની જરૂર છે.

કન્યા : આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ મળશે. સમાજ સુધારણા માટે કેટલાક કામ કરશો અને લોકોને મદદ કરવાથી માનસિક શાંતિ પણ પ્રાપ્ત થશે.

તુલા : આજે સવારથી તમારો મૂડ સારો રહેશે. તમે ધંધામાં મોટા ફાયદા માટે દિવસભર દોડશો. પરિવારના વરિષ્ઠ સભ્યો સાથે ભાવિ યોજનાઓની ચર્ચા કરશો. જીવનસાથી સાથે સારો સમય પસાર કરો. સમાજ સુધારણા માટે કેટલાક કામ કરશો અને લોકોને મદદ કરવાથી માનસિક શાંતિ પણ પ્રાપ્ત થશે.

વૃશ્ચિક : આજે તમને ધંધા અને ક્ષેત્રમાં સફળતા મળવાની સંભાવના છે. આજે તમારા મહત્વપૂર્ણ કાર્ય પૂરા થઈ શકે છે. રાજકીય ક્ષેત્રે આજે તમને ઉચ્ચ પદ મળી શકે છે. આજે તમને લાંબા સમયથી અટકેલા પૈસા મળી છે.

ધન : આજે તમારો દિવસ વ્યાવસાયિક કાર્યોથી ઘેરાયેલો રહેશે. વ્યવસાય અથવા કાર્યસ્થળમાં ઘણા પ્રકારના વિવાદો રહેશે. જેને તમારે સમજદારીપૂર્વક ઉકેલવી જોઈએ.

મકર : આજે તમે આત્મવિશ્વાસથી ભરેલા રહેશો, જેથી તમે તમારા હરીફો પર પ્રભુત્વ મેળવશો. આજે ધંધા અને ક્ષેત્રમાં જંગી લાભ અને પ્રગતિના કારણે તમારો આત્મવિશ્વાસ વધશે. સંતાન તરફથી કોઈ શુભ માહિતી મળી શકે છે.

કુંભ : વ્યવસાય અથવા નોકરી કરતા લોકોએ કોઈ એવું કાર્ય ના કરવું જોઈએ જે બીજા માટે જોખમી હોય. સંકટમાંથી બહાર આવવા માટે તમારે ધૈર્યથી કામ કરવું જ જોઈએ. દૈનિક વેપારમાં સખત મહેનત પછી લાભની અપેક્ષા છે.

મીન : લાંબા સમયથી ચાલતી શંકાસ્પદ સમસ્યાઓનો અંત આવશે. જે તમને માનસિક તણાવથી મુક્તિ આપશે. લાંબા સમયથી કામકાજમાં જે અવરોધ સર્જાયો હતો તેનો અંત આવશે. જ્ઞાન અને કળાથી સંબંધિત ક્ષેત્રોમાં તમામ પ્રયત્નો સફળ જોવા મળશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં લાંચમાં ઝડપાયેલા જીલ્લા શિક્ષણાધિકારીને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલ્યા



દાહોદ,

દાહોદ જીલ્લા શિક્ષણાધિકારી કાજલ બેન દવે બે દિવસ પહેલાં એક નિવૃત થનાર શિક્ષક પાસેથી પ્રમાણપત્રો પર સહી કરાવવા સારૂં રૂા. ૧૦ હજારની લાંચ લેતાં ઝડપાઈ ગયાંના બનાવ બાદ આજરોજ એ.સી.બી. પોલીસે શિક્ષણાધિકારીને કોર્ટ સમક્ષ રિમાન્ડ માટે મંજુર કર્યા હતા. ત્યારે કોઈક કારણોસર કોર્ટે રિમાન્ડ મંજુર ન કરી જીલ્લા શિક્ષણાધિકારીને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યાનું જાણવા મળે છે.

સમગ્ર ગુજરાતમાં હાલ માદયમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા ચાલી રહી છે. તેવા સમયે દાહોદ જીલ્લા શિક્ષણાધિકારી કાજલબેન ગીરીશભાઈ દવે એક નિવૃત થનાર શિક્ષકના પેન્શન કેસના કાગળોમાં કોઈ લેણા બાકી ન હોવા બાબતના પ્રમાણપત્રમાં સહી કરવા સારૂ જીલ્લા શિક્ષણાધિકારી દ્વારા રૂા. ૧૦ હજારની લાંચની માંગણી કરી હતી. આ લાંચની રકમ નિવૃત થનાર શિક્ષક આપવા માંગતાં ન હોવાના કારણે તેઓએ એ.સી.બી. પોલીસનો સંપર્ક કર્યો હતો અને આ મામલાની જાણ થતાંની સાથેજ દાહોદ એ.સી.બી. પોલીસ તેમજ પંચમહાલની એ.સી.બી. પોલીસની ટીમે દાહોદ છાપરી મુકામે આવેલ જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે લાંચનું છટકું ગોઠવતાં દાહોદ જીલ્લા શિક્ષણાધિકારી કાજલબેન દવે નિવૃત થનાર શિક્ષક પાસેથી રૂા. ૧૦ હજારની લાંચ લેતાં દાહોદ એ.સી.બી. પોલીસના હાથે રંગેહાથ ઝડપાઈ ગયાં હતાં. બોર્ડની પરીક્ષા ટાણે ખુદ જીલ્લા શિક્ષણાધિકારી લાંચ કેસમાં સપડાતાં દાહોદ જીલ્લા સહિત ગુજરાતના શિક્ષણ આલમમાં સ્તબ્ધતા સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો ત્યારે દાહોદ એ.સી.બી. પોલીસ અને પંચમહાલની ગોધરા એ.સી.બી. પોલીસ દ્વારા શિક્ષણાધિકારીને કોર્ટમાં રિમાન્ડ માટે આજરોજ દાહોદ કોર્ટમાં રજુ કરવામાં આવ્યાં હતાં જ્યાં એ.સી.બી. પોલીસે પાંચ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી પરંતુ કોઈક કાસરણોસર કોર્ટ દ્વારા એકપણ દિવસના રિમાન્ડ મંજુર ન કરી જીલ્લા શિક્ષણાધિકારીને જ્યુડીશીયલ કસ્ડીમાં મોકલ આપવા જણાવાયું હતું. એ.સી.બી. પોલીસે જીલ્લા શિક્ષણાધિકારીના રહેણાંક મકાન દાહોદ તેમજ તેઓના મુળ વતન હિંમ્મતનગર ખાતેના મકાનમાં પણ સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હોવાનું સામે આવ્યું છે. આ પ્રકરણની તમામ તપાસ પંચમહાલની ગોધરા એ.સી.બી. પોલીસને સોંપવામાં આવી હતી.

# દે.બારીયાના યુવતિને વડોદરા રહેતા પ્રેમી સહિત મહિલા લગ્નની લાલચ આપી ૧૨ લાખનો મુદ્દામાલ પડાવી લીધો

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ નગરમાં એક ૨૨ વર્ષિય યુવતીને વડોદરા ખાતે રહેતાં તેના પ્રેમી સહિત એક મહિલાએ લગ્ન કરવા લાલચ આપી અલગ અલગ સમયગાળા દરમ્યાન રોકડા રૂપીયા તેમજ સોનાના દાગીના મળી કુલ રૂા.૧૨ લાખના મુદ્દામાલ પડાવી લઈ છેતરપીંડી, વિશ્વાસઘાત કરતાં આ સંબંધે યુવતીએ વડોદારાના તેના પ્રેમી સહિત બંન્ને ઈસમો વિરૂદધ પોલીસમાં ફરિયાદ નોંધાંવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

દેવગઢ બારીઆ મગરમાં મહાકાલી મંદિર પાસે રહેતાં ૨૨ વર્ષિય મનાલીબેન દિનેશભાઈ પરમારને વડોદરા ખાતે ઈશ્વરકૃપા સોસાયટી, વિદ્યા મંદિર વિદ્યાલય વારસીયા રીંગ રોડ ખાતે રહેતો ગીતેશભાઈ સતીશભાઈ પરીયાણી સાથે એક વર્ષ પહેલા ઈન્સ્ટાગ્રામ ઉપર મિત્રતતા થઈ હતી. મિત્રતતા આગળ વધતાં વધતાં પ્રેમસંબંધમાં પરોવાઈ હતી અને મનાલીબેન અને ગીતેશભાઈ વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. ત્યારે ગીતેશભાઈ પોતે વેસ્ટ આફ્રિકાના લાઈબ્રેરીયામાં કંપનીમાં સારી નોકરી કરે છે તેવી ઓળખાણ આપી હતી અને આ બાદ બંન્નેએ સગાઈ કરી લીધી હતી. મનાલીબેનને પણ વેસ્ટ આફ્રિકાના લાઈબ્રેરીયામાં લઈ જવાની છે. તેમ જણાવી મનાલીબેન પાસેથી ગીતેશભાઈ તથા પુનમબેન સતીશભાઈ પરીયાણીએ તા.૦૧.૦૨.૨૦૨૧થી આજદિનસ સુધી અલગ અલગ સમયગાળા દરમ્યાન રોકડા રૂપીયા તેમજ સોનાના દાગીના મળી કુલ રૂા.૧૨ લાખ લઈ મનાલીબેનના વિઝા નહીં કઢાવી, મનાલીબેન સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી કરતાં આ મામલે મનાલીબેને અનેકવાર પોતે આપેલ નાણાંની ઉપરોકત બંન્ને ઈસમો પાસે માંગણી કરતાં મનાલીબેનને બેફામ ગાળો બોલી, તમારાથી જે થાય તે કરી લો, પૈસા નહીં મળે, મનાલીબેનને જાતિય અપમાનીત કરી, મનાલીબેનના મારી નાંખવાની ધમકીઓ આપી નાસી જતાં આ સંબંધે મનાલીબેન દિનેશભાઈ પરમારે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે આ સંબંધે ઉપરોકત બંન્ને ઈસમો વિરૂદધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયા સરાકારી ગોડાઉન માંથી ૧૦૦ ટકા અનાજનો જથ્થો ઈશ્યુ થઈ ચુકયો છે : ગોડાઉન મેનેજર ભુરીયા



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

રાજ્યમાના છેવાડાના માનવી અને જરૂરીયાતમંદ લાભાર્થીને બે ટંકનું ભોજન મળી રહે તેવા ઉમદા હેતુ સાથે ગુજરાતની સંવેદન અને ગતિશીલ સરકાર કટીબદ્ધ તો છે. તેવી મોટી મોટી જાહેર ખબરોના દ્વારા ગુલબાંગો પોકારાય છે. દાહોદ જીલ્લામાં તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૩ની સ્થિતી પ્રમાણે છેલ્લા એક વર્ષમાં જરૂરીયામંદોને રાષ્ટ્રીય અન્ન સલામતી રાઈટ ટુ ફુડ એકટ હેઠળ ફેબ્રુઆરી થી ડીસેમ્બર ૨૦૨૨ દરમિયાન ૮૮.૨૧૭ મેટ્રીક ટન અનાજનું વિતરણ કરવામાં આવ્યું છે. વિધાનસભામાં પૂછવામાં આવેલા પ્રશ્નના ઉત્તરમાં વિગતો આપતા જણાવ્યું હતું પરંતુ લાભાર્થીઓની સ્થિતી ઘણી અલગ દેખાઈ રહી છે. રાજ્યના પદના અધિકારીઓ ક્રોસ ચેકીંગ કરશે તો ચોંકાવનારી પરિસ્થિતી જોવા મળે તો નવાઈ નહિ.

દે.બારીયા તાલુકા સરકારી અનાજ ગોડાઉનના મેનેજર ભુરીયાના જણાવ્યા અનુસાર હોળીના પર્વના કારણે અનાજનો જથ્થો તમામ સસ્તા અનાજની દુકાનોમાં ઈશ્યુ કરી દેવામાં આવ્યો છે. તો પણ ગરીબ લાભાર્થીઓને હજુ પણ સસ્તા અનાજની દુકાનો ઉપર ધરમના ધકકા ખાઈ રહ્યા છે અને લાગ મળતાં વિના મુલ્યે અનાજના જથ્થાને સગેવગે દુકાનદારો કરી નાખતા હોય છે. તેવું કાર્ડધારકો જણાવી રહ્યા છે. અમારા પંચમહાલ સમાચાર પત્રના સ્થાનિક પ્રતિનિધીઓ જાતે માહિતી માંગતા સરકારી ગોડાઉનના મેનેજરે ૧૦૦ ટકા અનાજનો જથ્થો ઈશ્યુ થઈ ચુકયો છે. ચણાનો જથ્થો આખા દાહોદ જીલ્લામાં નથી તેવી માહિતી રૂબરૂમાં જાણવા મળી છે. ચાલો જોઈએ છેલ્લી તારીખોમાં ચણાનો જથ્થો આવે છે કે નહિ તે આવનારો સમય બતાવશે પરંતુ અહીં તો લાભાર્થીઓને વિના મુલ્યોનો ઘઉં, ચોખાનો જથ્થો આપતા નથી. દુકાનો બંધ રખાય રહી છે અને ઘઉં, ચોખા ગરીબોના સગેવગે કરી નાખતાં હોય છે. તેવું ગરીબ કાર્ડ ધારકો જણાવી રહ્યા છે. જેથી દે.બારીયા તાલુકાની તમામ સસ્તા અનાજની દુકાનોની ક્રોસ ચેકીંગ કોણ અને કયારે થશે તે યક્ષ પ્રશ્ન છે.

# જીલ્લા સેવા સદન, દાહોદ ખાતે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં જીલ્લા ફરીયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જીલ્લા સેવા સદન, દાહોદ ખાતે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં જીલ્લા ફરીયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકના પ્રથમ ભાગમાં ધારાસભ્યઓના ૧૭ જેટલા પ્રશ્નો લેવામાં આવ્યા હતા. જેનો સંતોષકારક ઉકેલ લાવવામાં આવ્યો હતો અને સંબધિત અધિકારીઓને જરૂરી સૂચના આપવામાં આવી હતી. સંકલન બેઠકના પ્રથમ ભાગમાં ધારાસભ્ય મહેશભાઈ ભૂરિયા તેમજ ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર સહિતના જનપ્રતિનિધિ ઉપસ્થિત રહ્યાં હતા.

સંકલન બેઠકના બીજા ભાગમાં જીલ્લામાં ધોરણ ૧૦–૧૨ ની બોર્ડની પરીક્ષાઓ યોગ્ય રીતે સંપન્ન થાય એ માટે અધિકારીઓને જરૂરી સૂચનો કલેક્ટરએ કર્યા હતા. વિદ્યાર્થીઓ સમયસર પરીક્ષાકેન્દ્ર ખાતે પહોંચી શકે એ માટે એસટી તંત્રને જરૂરી વ્યવસ્થા અંગે સૂચનો કરાયા હતા.

કલેક્ટરએ વિવિધ લોકપ્રશ્નોનો સત્વરે નિકાલ લાવવા અધિકારીઓને જણાવ્યું હતું. જીલ્લા શિક્ષણાધિકારીની કચેરીના શિક્ષકોના પેન્ડીંગ પેન્શન કેસોનો નિકાલ લાવવા જણાવ્યું હતું. જીલ્લામાં કમોસમી વરસાદ, વાવાઝોડાથી થયેલા માનવીય તેમજ ભૌતિક નુકશાનની તાત્કાલિક સહાય ચૂકવવા કલેક્ટરએ જણાવ્યું હતું.

તદ્દઉપરાંત બેઠકમાં નલ સે જલ યોજનાના કનેકશન બાબતના પ્રશ્નો, વિજ કનેકશન, આંગણવાડી કેન્દ્રો, પ્રાથમિક શાળાઓમાં પાણીના પ્રશ્નો બાબતે સમીક્ષા કરવામાં આવી હતી અને સબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા.

બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, લીમખેડા પ્રાંત અધિકારી રાજ સુથાર, એએસપી જગદીશ બાંગરવા, નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# લીમખેડાના નિનામાના ખાખરીયા PHC કેન્દ્રને તાળા જોઈ DDO દ્વારા નોટિસ અપાઈ



લીમખેડા,

જિલ્લા વિકાસ અધિકારી દાહોદ નેહા કુમારી દ્વારા તા.૧૭ના રોજ લીમખેડા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નિનામાના ખાખરીયાની આકસ્મિક મુલાકાત લીધી હતી જ્યાં પ્રમુખ દરવાજાને તાળુ મારેલુ હતુ. અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બંધ અને તમામ અધિકારીઓ–કર્મચારીઓ ગેરહાજર હોવાનુ જણાયુ હતુ. અને રજા અંગે તેઓએ સંબંધિત ઉપરી અધિકારીની પુર્વ મંજુરી પણ મેળવેલ ન હતી.આ બાબતને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ખુબ જ ગંભીરતાથી લઈ તાત્કાલિક અસરથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નિનામાના ખાખરીયાના તબીબી અધિકારી, ફાર્માસિસ્ટ, લેબટેકનીશીનય, મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝર, ફિમેલ હેલ્થ સુપરવાઈઝર તમામને તાલુકા આરોગ્ય અધિકારીના સ્પષ્ટ લેખિત અભિપ્રાય સાથે ખુલાસો રજુ કરવા કડક શબ્દોમાં નોટિસ આપવામાં આવી છે તે ઉપરાંત આઉટસોર્સિંગ એજન્સી દ્વારા નિમણુંક પામી પ્રા.આ.કેન્દ્ર પર ફરજ બજાવનાર બે સ્ટાફ નર્સ, અને વર્ગ–૪ના ૪ કર્મચારી સહિત કુલ ૬ સ્ટાફને ફરજમાંથી છુટા કરવા એજન્સીને જાણ કરેલ છે. વધુમાં તાલુકા આરોગ્ય અધિકારી લીમખેડાને તેમના હસ્તકના આરોગ્ય કેન્દ્રોમાં તેમના નબળા સુપરવીઝન અને વારંવાર અધિકારી–કર્મચારીઓ દ્વારા ફરજ પ્રત્યે નિષ્કાળજી જણાય આવતા તેઓને પણ કારણદર્શન નોટિસ ફટકારવામાં આવી છે.

# ગાંગરડી PHC ખાતે ટીબીના દર્દીઓને પોષણ કીટનું વિતરણ કરાયું



દાહોદ,

તા.૧૭–૦૩–૨૦૨૩ શુક્રવારના રોજ તા. ગરબાડા પીએચસી ગાંગરડી ખાતે પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત ૨૦૨૫ અભિયાન અંતર્ગત ટીબીના દર્દીઓને પોષણ સહાય કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પીએચસીના મેડિકલ ઓફિસર Dr.દીપ્તિ રાઠોર, Dr.હરેશ પરમાર, Dr.દિશા પસાયા, પીએસસી સુપરવાઈઝર રાકેશ રાઠોડ, એમપીએચડબલ્યુ, એફ એચ ડબલ્યુ, સ્ટાફ નર્સ, ફાર્માસિસ્ટ, એલટી, નલવાઈ, ટૂંકી વજુ, ગાંગરડી, ભરસડા ગામના સરપંચ ઉપસ્થિત રહીને પી એચસી વિસ્તારના કુલ ૧૧ દર્દીને પોષણ સહાય કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ જીલ્લા ક્ષય અધિકારી Dr.R.D.PAHADIYA ના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. આમ, પ્રધાનમંત્રીના ટીબી મુક્ત ભારત અભિયાન સફલ બનાવવા માટે દરેક વ્યકિત જોડાય તેવું આહવાન કરવામાં આવ્યું હતું. આવો સૌ સાથે મળીને ટીબીને હરાવીએ.“ટીબી હારેગા દેશ જીતેગા”.

# કોરોના સંક્રમણે ફરી ઊથલો માર્યો : દાહોદમાં ૧૮ વર્ષીય યુવતી સંક્રમિત થતા હોમ આઈસોલેટ કરાઈ

દાહોદ,

ગુજરાતમાં કોરોના સંક્રમણ ધીમે ધીમે વધી રહ્યુ છે. રાજ્ય સરકાર દ્વારા જારી કરેલા આંકડા મુજબ વીતેલા ૨૪ કલાકમાં કોરોનાના ૧૨૧ જેટલા કેસો નોંધાયા છે. જેમાં મહાનગરપાલિકામાં પણ કોરોનાના કેસો સામે આવ્યા છે. ત્યારે દાહોદમાં પણ ૧૮ વર્ષીય કોરોના કોરોના સંક્રમિત થતાં આરોગ્ય વિભાગની દેખરેખ હેઠળ હોમ આઈસોલેશનમાં ખસેડવામાં આવી છે.

સમગ્ર ગુજરાતમાં ઈંડગર નામક વાયરસે ઉપદ્રવ મચાવ્યો છે કોરોનાના એનફ્લુએંજુના નામક ફ્લૂ જેવા ગણાતા વાયરસે ઘેર ઘેર માંદગીને ખાટલા કરી દીધા છે. ત્યારે કોરોના જેવા જ લક્ષણ ધરાવતા આ વાયરસથી લોકો ઝઝૂમી રહ્યા છે ત્યારે કોરોના સંક્રમણે ફરી ઉથલો મારતા ચકચાર જવા પામી છે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા જારી કરાયેલા બુલેટીનમાં વીતેલા ૨૪ કલાકમાં ૧૨૧ જેટલા દર્દીઓ નોંધાયા છે. જેમાં રાજ્યમાં કુલ ૫૨૧ જેટલા એક્ટિવ કેસો નોંધાયા છે. જ્યારે દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકામાંથી ૧૮ વર્ષીય યુવતી કોરોના સંક્રમિત જાહેર થતાં આરોગ્ય વિભાગ દ્વારા કોરોના સંક્રમિત થયેલી યુવતીને સ્થાનિક આરોગ્ય વિભાગની દેખરેખમાં હોમ આયસોલેટ કરવામાં આવી છે. આ ઉપરાંત નવસારી પોરબંદર ગાંધીનગર તેમજ મહાનગરોમાં કોરોના સંક્રમણના કેસો સામે આવતા હાલ ફરીથી કોરોનાએ ઉથલો માર્યો હોય તેમ જોવાઈ રહ્યું છે.

# ઝાલોદના થાળા ગામે તળાવ માંથી ૧૫ વર્ષીય સગીરાનો મૃતદેહ મળ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના થાળા ગામે આવેલ એક તળાવમાં એક ૧૫ વર્ષિય સગીરાની લાશ મળી આવતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. ત્યારે આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાંતાં એક તાંત્રિક વિધી કરનાર વ્યકિત અને તેની પત્નિએ આ સગીરાનું અપહરણ કરી કોઈક કારણોસર મોતને ઘાટ ઉતારી સગીરાની લાશને દોરડાથી બાંધી તળાવમાં ફેંદી દીધી હોવાનું સામે આવતાં પોલીસે દંપિતની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે. ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે લખા ફળિયામાં રહેતાં રેખાબેન મનસુખભાઈ ડામોર દ્વારા લીમડી પોલીસ મથકે નોંધાંવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, પોતાની દિકરી પાયલબેનને માતાજીનો પરચો આવતો હોય પોતાના ગામમાં રહેતાં દિનેશભાઈ જેતીયાભાઈ ચંદાણા અને તેમની પત્નિ ગીતાબેન દિનેશભાઈ ચંદાણાનાઓએ બડવાવિધી અને ભુવાનું કામ કરતાં હોય અવાર નવાર પાયલબેનને સાથે બડવા વિધીમાં લઈ જતાં હતાં. ગત તા.૧૫મી માર્ચના રોજ રાતના સમયે ઉપરોક્ત દંપતિએ સુરમલભાઈના ઘરે ચાંદલા વિધીમાં પાયલબેનને લઈ જઈએ છીએ તેમ કહી સગીરાને સાથે લઈ ગયાં હતા. ત્યાર બાદ સગીરાને કોઈક કારણોસર મોતને ઘાટ ઉતારી તેના મૃતદેહને સગેવગે કરવા સારૂં પાયલબેનના મૃતદેહને એક પ્લાસ્ટીકના કોથળામાં ભરી, પથ્થરો બાંધી પાયલબેનના મૃતદેહને થાળા ગામે આવેલ તળાવના પાણીમાં ફેંદી દીધાં હતાં.

# દાહોદ ખાતે સીકલસેલ એનીમિયા કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત સગર્ભા મહિલાઓના સેમ્પલ લેવાયા

દાહોદ

સિકલસેલ એનીમિયા કંટ્રોલ પ્રોગ્રામ અન્વયે ૧ થી ૫ માસની સગર્ભા બહેનોના ઈન્ડીયન રેડક્રોસ, અમદાવાદ દ્વારા પ્રીનેટલ ડાયગ્નોસીસ માટે સેમ્પલ લેવામાં આવે છે. આ દરમ્યાન સગર્ભા બહેન સિકલસેલ ટ્રેઈટ, સિક્લસેલ ડીસીઝ, થેલેસેમિયા માઈનોર કે થેલેસેમિયા મેજર આવે તો તેના પતિનું સેમ્પલ લેવામાં આવે છે. પતિ–પત્ની બંને સિકલસેલ ટ્રેઈટ, સિકલસેલ ડીસીઝ, થેલેસેમિયા માઈનોર કે થેલેસેમિયા મેજર આવે ત્યારે સગર્ભા બહેનના ગર્ભમાં રહેલ બાળકનું પરીક્ષણ કરવામાં આવે છે. ગર્ભમાં રહેલ બાળકનો રીપોર્ટ સિકલસેલ ટ્રેઈટ, સિકલસેલ ડીસીઝ, થેલેસેમિયા માઈનોર કે થેલેસેમિયા મેજર આવે ત્યારે પતિ–પત્નીની મંજુરી થી મેડીકલ ટર્મીનેશન ઓફ પ્રેગ્નેન્સી (MTP)એક્ટ, નં.૩૪, ૧૯૭૧ કરાવી શકે છે. જેથી કરીને સિકલસેલ રોગના વધતા પ્રમાણને અટકાવી શકાય.આ બાબત ધ્યાને લઈ દાહોદ જીલ્લા ના એક સગર્ભા બહેનના ગર્ભમાં રહેલ બાળક સિકલસેલ ડીસીઝ આવતા તેનું મેડીકલ ટર્મીનેશન ઓફ પ્રેગ્નેન્સી (MTP) કરાવી સમાજમાં ઉતમ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે. જેમાં આરોગ્ય શાખાના જીલ્લા અને તાલુકાના અધિકારીઓનું સતત માર્ગદર્શન, સિકલસેલ કાઉન્સેલર બહેનનું સતત કાઉન્સેલીંગ, સગર્ભા બહેનના સાસરી અને પિયર પક્ષના તમામ સભ્યોનો સહયોગ રહ્યો છે.

# જેસાવાડા પોલીસે ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલા અને છેલ્લા ત્રણ વર્ષથી ફરાર આરોપીને પકડી પાડી જેલ ભેગો કર્યો

દાહોદ,

જેસાવાડા પોલીસ મથકના પી.એસ.આઈ એન.એમ રામી અને જેસાવાડા સર્વેલંન્સ સ્કવોડના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા માટે પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન હિંમતનગર પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીમાં ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી ફરાર આરોપી કમલેશભાઈ નગરિયાભાઈ બારીયા, ગામ–છરછોડા બારીયા ફળિયા જે જેસાવાડા બજારમાં આવેલ બાતમીના આધારે જેસાવાડા પોલીસે જેસાવાડા બજારમાં આશ્રમ રોડ પરથી આરોપીને પકડી પાડી જેસાવાડા પોલીસ સ્ટેશન ખાતે લાવી જેલના સળિયા પાછળ ધકેલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આંમ, જેસાવાડા પોલીસને ઘરફોડ ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડવામાં સફળતા મળી હતી.

# દાહોદ ધુર્મિલ પાર્ક સોસાયટી મકાનમાં આગ લાગતાં ૧૫ લાખનું નુકશાન

દાહોદ,

દાહોદ ગોદીરોડ, ધુર્મિલ પાર્ક સોસાયટીના એક મકાનમાં આકસ્મીક આગ લાગતાં આગમાં ઘરવખરીનો સામાન, ફર્નિચર, રાચરચીલુ વગેરે બળીને રાખ થઈ જતાં અંદાજે રૂા. ૧૫ લાખનું નુકશાન થવા પામ્યું હતું.

દાહોદ, ગોદીરોડ, ધ્રુમિક પાર્કમાં મકાન નંબર ૩ માં રહેતા અને વ્યવાયે તબીબ રફૃચિબેન રામભાઈ લીલારામ હગુરનાનીના મકાનમાં સવારે ૧૦ વાગ્યાના સુમારે અકસ્માતે આગ લાગતાં આગ અંગેની જાણ દાહોદના ફાયર સ્ટેશને કરતા ફાયરબ્રીગેડના લાશકારો બે ફાયર ફાઈટર સાથે ઘટના સ્થળે દોડી આવયા હતા અને પાણીનો સતત માટો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી આગ હોલવી નાંખી વધુ નુકશાન થતું અટકાવ્યું હતું. આગમાં ટીવી, ગીઝર, ફેન, એસી, સોલારનું ઈન્વેટર, જીમનો સામાન, એક પલંગ તથા બીજો નાનો–મોટો સરસામાન વેગેર બળીને ખાખ થઈ જતાં આગમાં અંદાજે રૂપિયા ૧૫ લાખનું નુકશાન થયાનું જાણવા મળ્યું છે.

આ સંબંધે દાહોદ બી.ડીવીઝન પોલીસે આગ અંગેની જાણવાજોગ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.176

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પાવાગઢ યાત્રાધામ મંદિરમાં

# છોલેલ શ્રીફળ લઈ જવાના ટ્રસ્ટનો નિર્ણય આજથી અમલમાં આવશે



ગોધરા,
પંચમહાલ જીલ્લાના પાવાગઢ શકિતપીઠ મંદિર ટ્રસ્ટ દ્વારા ૨૦ માર્ચથી મંદિરમાં છોલેલ શ્રીફળ લાવવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. યાત્રાળુ ભકતો મંદિરમાં આખું શ્રીફળ મંદિરમાં ધરાવીને ઘરે લઈ ઘરે લઈ જવાના નિર્ણયનો આજથી અમલવારી થવાની છે. ત્યારે ભકતોની આસ્થા અને મંદિર ટ્રસ્ટ વચ્ચે કેવા તાલમેલ રહે છે તે જોવું રહ્યું.

પાવાગઢ યાત્રાધામ ખાતે માતાજીના દર્શનાર્થે લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુંઓ ઉમટી પડતા હોય છે. મહાકાળી માતા ઉપર આસ્થા રાખતા માઈ ભકતો અનેક બાધાઓ માનાતાઓ પુરી કરવા માટે મંદિરમાં દર્શન કરવા આવતાં હોય છે. ૨૨ માર્ચની ચૈત્રી નવરાત્રીના પાવન પર્વ શરૂ થઈ રહ્યો છે. તે પહેલા મહાકાળી માતા મંદિર ટ્રસ્ટ દ્વારા સ્વચ્છતાના નામે મંદિરમાં છોલેલ શ્રીફળ લઈ જવા અને વધરેવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સાથે મંદિરની નીચે ઉતરતાં દુધીયા તળવા પાસે પણ શ્રીફળ વધેરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તેની અમલવારી આજ ૨૦ માર્ચથી મંદિર ટ્રસ્ટ કરાવવા જઈ રહ્યું છે. એક તરફ માઈ ભકતોની આસ્થાનો પ્રશ્ન છે. જ્યારે મંદિર ટ્રસ્ટ મંદિર પરિસર વિસ્તારમાં શ્રીફળના છોતરા અને ટુકડા પડવાથી જે ગંદકી થાય છે. તેના કાયમી ઉકેલ કરવા સ્વચ્છતાના નામે મંદિરમાં છોલેલ શ્રીફળ લાવવા અને વધેરવા ઉપર પ્રતિબંધ મુકયો છે. ત્યારે હવે જોવાનું રહ્યું છે આજથી છોલેલ શ્રીફળ મંદિરમાં ન લાવવાના નિર્ણયની અમલવારી કરવા આવશે. ત્યારે મંદિર ટ્રસ્ટ ભાવિભકતોની આસ્થાના પ્રતિક છોલેલ શ્રીફળ મંદિર નહિ લાવવા અને વધેરવાના નિર્ણયની અમલવારી કરવા માટે ભકતોની આસ્થાને ધ્યાને રાખીને તાલમેલ જળવાઈ રહે તેવી આશા રાખીએ.

પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા ૨૦ માર્ચથી મંદિરમાં છોલેલ શ્રીફળ લાવવા અને વધેરવા ઉપર પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે. ભકતો આખું શ્રીફળ મંદિરમાં ધરાવીને ઘરે લઈ જઈને વધેરવું તેવા નિર્ણય કરાયો છે. ત્યારે પાવાગઢ ખાતે શ્રીફળનો ધંધો કરતા વેપારીઓને છોલેલ શ્રીફ નહિ વેચવા માટે તેમજ છોલેલ શ્રીફળ વેચતા પકડાય તો દંડની જોગવાઈ કરવામાં આવી છે. વેપારીઓમાં મંદિર ટ્રસ્ટના નિર્ણય સામે છુપો વિરોધ છે.

### શ્રી કાલિકા માતાજી મંદિર ટ્રસ્ટ પાવાગઢની અગત્યની સૂચના

તા.૧૪/૩/૨૩ના રોજ મંદિર ટ્રસ્ટ દ્વારા અગત્યની સૂચના આપવામાં આવે છે કે (૧) તારીખ ૨૦/૩/૨૩ ને સોમવારથી કોઈપણ વ્યક્તિ છોલેલું શ્રીફળ મંદિરમાં લાવી શકાશે નહીં. (૨) મંદિરમાં શ્રીફળ પોતે જ માતાજીને ધરાવી ચૂંદણી સાથે ઘરે લઈ જવાનું રહેશે. (૩) ઘરે લઈ ગયા પછી આ શ્રીફળ ચુંદડીમાં બાંધી આપ મંદિરમાં પૂજામાં મૂકી રાખો તેવો આગ્રહ છે. અથવા ઘરે જઈને પાણીયારે મૂકી પછી તેનો પ્રસાદ કરી આપ સૌને વહેંચી શકો છો. (૪) જે વેપારીઓ પાસેથી છોલેલું શ્રીફળ મળશે તેઓની સામે પવિત્ર સ્થાનમાં સ્વચ્છતા રાખવામાં સહકાર નહીં આપવા તથા ગંદકી કરવા બદલ સરકારના સંબંધિત અધિકારી દ્વારા નિયમોનુસાર દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. (૫) મંદિર ટ્રસ્ટના સિક્યુરિટી ગાર્ડ શક્તિ દ્વારથી એટલે કે દુધિયા તળાવથી ચેક કરશે અને છોલેલું શ્રીફળ ઉપર લાવવા દેશે નહીં. જેની નોંધ સર્વ વેપારી અને માઈ ભક્તોને લેવા વિનંતી. (૬)સિક્યુરિટી સાથે તકરાર કરનાર સામે પોલીસ ફરિયાદ કરવામાં આવશે.

# કાલોલ પોલીસ ગેરકાયદેસર રેતી ભરેલ ટ્રેકટર ઝડપી ટ્રેકટર પુરઝડપે ગફલતભરી રીતે હંકારવાતા ગુન્હો નોંધી છોડી મુકાયું

### ટ્રેકટરમાં રેતી ભરેલ હોવા છતાં વાહન બેફિકરાઈનો ગુન્હો નોંધી છોડી મુકતા તર્કવિતર્ક



તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ,
પંચમહાલ જીલ્લા સહિત કાલોલ તાલુકામાં ગેરકાયદેસર રેતી ખનનનો ધંધો ફુલ્યો ફાલ્યો છે. કાલોલ પોલીસે પેટ્રોલીંગ દરમિયાન રેતી ભરેલ ટ્રેકટર ઝડપી પોલીસ મથકે લાવ્યા બાદ ટ્રેકટર ચાલક વિરૂદ્ધ વાહન ગફલતભરી રીતે હંકારવાનો ગુન્હો નોંધી છોડી મુકવામાં આવ્યું.

કાલોલ તાલુકામાં રેતી ખનનનો કાળો કારોબાર ગેરકાયદેસર ધમધમી રહ્યો છે. ખનિજ માફિયાઓને આંમ પણ કાયદાનો ડર રહ્યો નથી. કાલોલ પોલીસ પોતાના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. દરમિયાન ગેરકાયદેસર રેતી ભરેલ ટ્રેકટરને પોલીસે ઝડપીને પોલીસ મથકે લાવવામાં આવ્યું હતું. પોલીસ વિભાગે રેતી ભરેલ ટ્રેકટર ઝડપવાની જાણકારી ખાણ–ખનિજ વિભાગને સોંપવાનું હોય છે પરંતુ કાલોલ પોલીસે ટ્રેકટર ચાલક સામે ઈ.પી.કો.૨૭૯ એકટ કલમ ૧૭૭,૧૮૪,૧૮૧ મુજબ ગુન્હો દાખલ કર્યો હતો અને ટ્રેકટરમાં ગેરકાયદેસર રેતી ભરેલ હોવાનો ઉલ્લેખ નહિ કરી ખનિજ ચોરી વિરૂદ્ધ કાર્યવાહી કર્યા વગર ટ્રેકટરને છોડી મુકવામાં આવતાં કાલોલ પોલીસની કાર્યવાહી સામે નગરમાં ચર્ચાનો વિષય બન્યો છે. સાથે કાલોલ તાલુકામાં ખનન માફિયાઓ ગેરકાયદેસર રેતી ખનનને આવી રીતે છાવરવામાં આવે છે. જેને લઈ ખનિજ માફિયાઓ બેફામ બન્યા છે. ત્યારે ખનિજ ચોરી કરતાં ખનન માફિયાઓ સામે કાર્યવાહી થાય તો રેતી ખનન કરતાં તત્વોમાં કાયદાનો ડર બેસે તેવી કાર્યવાહી થાય તે જરૂરી છે.

# PMOનું નામ વટાવી ઠાઠ ભોગવતા કિરણ પટેલે છેતરપિંડીના ભોગ ગોધરાનો રહિશ બન્યો



ગોધરા,
PMOનું નામ વટાવી ઠાઠ ભોગવતા અમદાવાદના કિરણ પટેલે અનેક લોકોને પોતાની જાળમાં ફસાવ્યા હોવાનું સામે આવી રહ્યું છે. ત્યારે મહાઠગ કિરણ પટેલનો ભોગ બનેલા ગોધરાના કેતન ગાંધી સાથે છેતરપિંડી થયા હોવાનું બહાર આવ્યું છે. વર્ષ ૨૦૧૮માં વડોદરાના નવલખી ગ્રાઉન્ડ ખાતે નવરાત્રીની ઈવેન્ટ કર્યા બાદ એજન્સીઓના નાણાં બાકી રાખી કિરણ પટેલે છેતરપિંડી કરી હતી, તેવો ઘટસ્ફોટ થયો છે. ગોધરાના ભોગ બનેલા કેતન ગાંધીએ નવલખી ગ્રાઉન્ડમાં નવરાત્રી ડેકોરેશનનું કામ કર્યું હતું. જેમાં નાણાં ન આપતા આખરે કેતન ગાંધીએ એગ્રીમેન્ટ કર્યો હતો, પરંતુ તેમ છતાં પોતાના નાણાં નહીં મળતા તેમણે કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી.

૨૦૧૮માં વડોદરામાં આવેલ નવલખી ગ્રાઉન્ડ ખાતે નવરાત્રિની ઈવેન્ટમાં ગોધરાના ફરાશખાનાનું કામ કરતા કેતન ગાંધીએ પણ પોતાનું ફરાશખાના નવલખી નવરાત્રિ ઈવેન્ટમાં મોકલ્યું હતું. જેમાં તેમના પોતાના નાણાં ન મળતા તેઓએ કોર્ટમાં કેસ કર્યો હતો. જેમાં ફરિયાદ બાદ મહાઠગ કિરણ પટેલે તેમની પત્નીના એકાઉન્ટના ચેક આપ્યા હતા અને ત્યારબાદ કિરણ પટેલ પોતે PMO અધિકારી તરીકે પોતાની ઠાઠ જમાવતા હતા. જે તે વખતે વડોદરાના ધારાસભ્ય સહિતના મોટી વગ ધરાવતા અને ખ્યાતિ પ્રાપ્ત લોકો પણ આ ઠગની વાતોમાં આવી ગયા હતા.

ગોધરાના કેતન ગાંધીએ રાવપુર પોલીસ મથકે આ મહાઠગ વિરૂદ્ધમાં ફરિયાદ દાખલ કરાવી હતી. ત્યારબાદ રાવપુર પોલીસ સ્ટેશનમાં પણ આ મહાઠગ આરોપી હોવા છતાં પણ પોલીસ સ્ટેશનની બહાર સિગારેટ પીતો હોય તેવો વીડિયો વાયરલ થતા ભારે વિવાદ સર્જાયો હતો. હાલમાં ગોધરાના ફરાશખાના ધરાવતા કેતન ગાંધીના દસ લાખ જેટલી રકમ બાકી છે. જયારે અન્ય અનેક એજન્સીઓ સાથે છેતરપિંડી કરી છે. માટે આ મહાઠગને કડકમાં કડક સજા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે.

## સદ્દભાવના મિશન કલાસ બહારપૂરા મારવાડીવાસ ગોધરામાં

# શિક્ષણથી વંચિત એવા ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને મફત શિક્ષણ આપી દ્વિતિય સત્રની પરીક્ષાઓની પૂર્વ તૈયારીઓ કરતાં વિદ્યાર્થીઓ



ગોધરા,
પંચમહાલ જીલ્લાના પાટનગર ગોધરા શહેરમાં કેટલાય વર્ષોથી બહારપૂરા સ્લમ વિસ્તારના ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને શિક્ષણ કોચિંગ કલાસ અભ્યાસ મફત પીરસી રહ્યા છે.

શિક્ષણથી વંચિત એવા ગરીબ અને મદયમ વર્ગના બાળકોને શોધી અને શાળાઓમાં અભ્યાસ માટે પ્રવેશ અપાવી સાંજના સમયે સદ્દભાવના મિશન કલાસ બહારપૂરા મારવાડીવાસ ગોધરામા શિક્ષણ લઈ સેંકડો વિદ્યાર્થીઓએ સારા ટકા મેળવી હાલ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ સારી એવી સફળતા મળી છે અને ઘણા એવા પરીવારના વિદ્યાર્થીઓ છે. જેના માં–બાપનેની છત્રછાયા ગુમાવી છે, હાલ સદ્દભાવના મિશન કલાસ બહારપૂરા ગોધરા મા મફત શિક્ષણ કોચિંગ કલાસ અભ્યાસ લય રહ્યા છે આવા સમયે ઉચ્ચ અભ્યાસ કરી જોબ કરી રહ્યા છે.

શિક્ષણ થકી આવા અનેક ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને શિક્ષણ માટે પ્રોત્સાહન કરી બીજા સત્રની શરૂઆત થઈ જાય એ પહેલાં કલાસમાં અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારીઓ માટે અલગ અલગ રીતે ધોરણ વાઈઝ અસાઈનમેન્ટલક્ષી અભ્યાસ કરાવી કોઈ ડર કે ગભરામણ વીના પોતાની શાળામાં પરીક્ષા આપવા આત્મવિશ્વાસ સાથે તૈયાર દર્શાવી છે અને તેમને માર્ગદર્શન આપવામા આવ્યું છે કે સ્પષ્ટ શબ્દો, મરોડદાર અક્ષરો જે તે પ્રશ્નોના મુઝવતા સવાલ જવાબો વગેરે બાબતો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે ઉપરોક્ત જોતાં મોંઘવારી કારણે કેટલાક વિસ્તારોમાં પ્રાઈવેટ ટયુશન કલાસ કરાવી શકતાં નથી અને ફી નથી ભરી શકતાં એવા સેંકડો વિદ્યાર્થીઓએ લાભ લઈ આગળ અભ્યાસ કરવા ગયા છે અને આવા ગરીબ અને મધ્યમ વર્ગના ૧૬૦ બાળકોથી વધુ બાળકો હાલ શિક્ષણ લઈ રહ્યા છે.

સદ્દભાવના મિશન કલાસ મારવાડીવાસ બહારપૂરા ગોધરામા શિક્ષણ જોતાં કેટલાય વર્ષોથી શિક્ષણ જગતના ઉત્સાહી, મહેનતું શિક્ષક ઈમરાનને જોઈ ડો. સુજાત વલી સ્થાનિક લોકો અને સંસ્થાઓ અને માલવાડી સમાજના અગ્રણીઓ, વાલ્મીકિ સમાજના અગ્રણીઓ અને આગેવાનો તથા વાલીઓએ શુભકામના અને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ચૈત્રી નવરાત્રીએ પાવાગઢ દર્શન માટે આવતાં દર્શનાર્થી માટે વધારાની ૬૦ એસ.ટી.બસ ફળવાઈ

ગોધરા,
પાવાગઢ ખાતે ૨૨મી માર્ચથી ચૈત્રિ નવરાત્રીના તહેવાર દરમ્યાન માતાજીના દર્શન કરવા આવતા દર્શનાર્થીઓની સુવિધા માટે એસ.ટી.વિભાગ ગોધરા દ્વારા તા.૨૨મી માર્ચ થી તા.૦૬ એપ્રિલ દરમ્યાન વધારાની ૬૦ બસો ફાળવવામાં આવી છે. નવરાત્રી દરમ્યાન અહીં દરરોજ લાખો માઈ ભક્તો માતાજીના દર્શને આવતા હોવાથી અને ખાનગી વાહનો તળેટી માંથી બંધ કરાવી દેવામાં આવતા હોવાથી એસટી બસના વધારાના રૂટ દિવસ દરમ્યાન સતત ચાલુ રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ બસ સેવાના સુચારૂ આયોજન માટે એસ.ટી વિભાગના ૨૫૦ જેટલા કર્મચારીઓને રાઉન્ડ ધી કલોક ફરજો સોંપવામાં આવી છે તથા સ્થળ ઉપર મંડપ, બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા તેમજ બસમાં બેસવા માટે લાઈન દોરી સહિતની વ્યવસ્થા ઉભી કરવા અંગે સૂચનો કરવામાં આવ્યા છે. આ બાબતે મુસાફરોને કોઈ પણ જાતની મુશ્કેલી થવા ન પામે તે માટે વિભાગના વિવિધ અધિકારીઓ દ્વારા રાઉન્ડ ધી કલોક હાજર રહી સતત મોનીટરીંગ કરવામાં આવશે. ગોધરા એસટી વિભાગ દ્વારા ઉભી કરવામાં આવેલી આ સુચારૂ વ્યવસ્થાનો સર્વ ધર્મપ્રેમી જનતા લાભ લે તે માટે એસટી વિભાગીય નિયામક દ્વારા જણાવવામાં આવ્યું છે.




ગોધરાની નામાંકિત ગણાતી બામરોલી રોડ પર આવેલ કિડ્સ ઈન એકશન અંગ્રેજી તેમજ ગુજરાતી માધ્યમ પ્રિ-સ્કૂલનો વાર્ષિક ઉસ્તવ ગોધરાની માઁ ગાયત્રી નગર ખાતે આવેલ વિશાળ ગરબા ગ્રાઉન્ડ ખાતે યોજવામાં આવ્યો. જેમાં મોટી સંખ્યામાં વાલીઓ તેમજ નાના-નાના ભૂલકાંઓ હાજર રહ્યા હતા. નાના-નાના ભૂલકાંઓએ વિવધ રંગબેરંગી પહેરવેશ પહેરીને વિવધ ગીતો ઓર ડાન્સ કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સાથે સાથે દેશ પ્રેમના ગીતો પર અને ધાર્મિક ગુરૂના જીવન ચરિત્ર પર વેશભૂષા ધારણ કરી તેમની જીવન ગાથા સંભળાવી હતી.

# હાલોલના પાવાગઢ રોડ હજીરા પાસે બાસ્કાના ઈસમ દ્વારા પિસ્તોલ વડે હવામાં બે રાઉન્ડ ફાયરીંગ કરાયું



હાલોલ,
હાલોલ–પાવાગઢ રોડ હજીરા પાસે બાસ્કાના ઈસમ દ્વારા હવામાં બે રાઉન્ડ ફાયરીંગ કરવામાં આવ્યું. ઈસમને પિસ્તોલ સાથે ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ–પાવાગઢ રોડ ઉપર આવેલ હજીરા પાસે બાસ્કા ગામે રહેતા ઈમરાન મકરાણી દ્વારા બે રાઉન્ડ ફાયરીંગ હવામાં કરવામાં આવ્યું. જાહેરમાં બે રાઉન્ડ ફાયરીંગના કરાયાની જાણ થતાં પોલીસે આરોપી ઈમરાન મકરાણીની પિસ્તોલ સાથે ધરપકડ કરવામાં આવી છે. હાલોલ પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવેલ ઈસમ ઈમરાન મકરાણી પિસ્તોલ કયાંથી કોની પાસેથી લાવ્યો તેમજ પિસ્તોલ માંથી હવામાં ફાયરીંગ કયા કારણોસર કરવામાં આવ્યું. તેની તપાસ હાથ ધરી છે. હાલોલ પોલીસે આર્મ એકટ હેઠળ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# હાલોલના કાકરા ડુંગરી પંચાયત કચેરીમાં જન્મ-મરણ રજીસ્ટરના બે પાન ફાડી સરકારી મિલ્કતને નુકશાન કરતાં ફરિયાદ

હાલોલ,
હાલોલ તાલુકાના કાકરા ડુંગરી ગામે પંચાયતની કચેરીમાં બે આરોપીઓ આવીને જન્મ–મરણ દાખલાના રજીસ્ટરના બે પાના ફાડી લે આપણા બાપની મિલ્કત છે. તેમ કહી સરકારી મિલ્કતને નુકશાન કરતાં ફરિયાદ. પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના કાકરા ડુંગરી ગામે રહેતા ગૌતમ નારણભાઈ પરમાર, રાજુભાઈ ગણપતભાઈ પરમાર ૧૮ માર્ચના રોજ ગ્રામ પંચાયત કચેરીમાં આવ્યા હતા અને કચેરીના જન્મ–મરણના દાખલના રજીસ્ટરના બે પાના ફાડી તેમજ તું તારા છોકરાનું નામવાળું પાન ફાડી લે પંચાયત આપણા બાપની છે. તેમ કહી આરોપીઓએ એકબીજાને મદદ કરી સરકારી મિલ્કતને નુકશાન કરતાં આ બાબતે પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# હાલોલમાં ટ્રાફિકને અડચણ ઉભી કરતાં બે ધંધાદારીઓ સામે ફરિયાદ

હાલોલ,
હાલોલ બસ સ્ટેશન નજીક તેમજ ત્રણ રસ્તા પાસે જાહેર માર્ગ ઉપર ટ્રાફિકને અડચણ થાય તેમ લારી તેમજ સરસામાન મુકતાં પોલીસે કાર્યવાહી કરી બન્ને વિરૂદ્ધ ગુન્હો નોંધાવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ બસ સ્ટેન્ડ પાવાગઢ રોડ ઉપર પાંવભાજીની લારી ચલાવતાં ધંધાદારી બંસીભાઈ મગનીરામજી તૈલી એ રોડ ઉપર અડચણ થાય તેમ લારી મૂકી ટ્રાફિકને અડચણ કરતા હોય તેમજ બોમ્બે હાઉસ ત્રણ રસ્તા પાસે કરીયાણાની દુકાન ધરાવતાં નિકેશ લધ્ધડ એ દુકાનનો સામાન રોડ ઉપર અડચણ થાય તેમ મુકીને ટ્રાફિકને અડચણ ઉભી કરતા હોય હાલોલ પોલીસે બન્ને વિરૂદ્ધ ગુન્હો નોંધી કાયદેસર કાર્યવાહી કરી.

# મોરવા(હ)ના રજાયતા ગામે લગ્નપ્રસંગમાં નાચતા યુવાનનું હાર્ટએટેકથી મોત

ગોધરા,
મોરવા(હ)ના રજાયતા ગામે તા.૧૬ના રોજ લગ્ન પ્રસંગે વરરાજાને ખભે લઈને ડી.જે.ના તાલે નાચી રહેલ યુવકને ચકકર આવતા તેને સારવાર માટે લઈ જી વેળાએ રસ્તામાં મોત નીપજતા પારઘી પરિવારમાં શોકની લાગણી છવાઈ છે.

મોરવા(હ)તાલુકાના રજાયતા ગામે પારગી પરિવારમાં તા.૧૬ના રોજ લગ્ન પ્રસંગ હતો. દરમિયાન ડી.જે.ના તાલે સૌ ઝુમી રહ્યા હતા એ વરરાજાનો મિત્ર વિનોદ (ઉ.વ.૨૬)વરરાજાને પોતાના ખભા ઉપર બેસાડી ડી.જે.ના તાલે નાચી રહ્યો હતો. દરમિયાન વિનોદને ચકકર આવતા તે વરરાજાને ખભા ઉપર બેસાડેલી હાલતમાં જ નીચે બેસી જઈ બેભાન થઈ ગયો હતો જેથી તાત્કાલિક સારવાર માટે સંતરામપુર લઈ જવાતા રસ્તામાં તેનુ મોત નીપજયું હતુ. વિનોદના આકસ્મિક અવસાનથી તેના પરિવારમાં તેમજ તેના મિત્ર મંડળમાં શોક છવાઈ ગયો હતો.